R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ ચંદ્રકાન્ત નંદુ ❋ સંજય છેડા

VOL.65 ISSUE NO. 6 - SEPTEMBER 2022 - 60 PAGES - RS. 15/-



## મિચ્છામિ દુક્કડમ

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
**Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org**




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

**સપ્ટેમ્બર ૨૦૨૨**

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| વિરોધાભાસ અને વિસંગતતા | અશ્વિન માલદે .......................... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ........................................ | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન........... | ૯ |
| પગ મેં ભમરી............................................. ગર્ભાશય મુખ અને સ્તન કૅન્સરનું આગોતરું નિદાન | લીલાધર માણેક ગડા ................. | ૧૧ |
| આવ રે વરસાદ........................................... | ડૉ. ગિરીશ વીછીવોરા ................ | ૧૫ |
| હજારો વર્ષોનું ડહાપણ એટલે દૃષ્ટાંત કથાઓ...... | ડૉ. ગુલાબ દેઢિયા....................... | ૧૯ |
| વણપોંખાયેલા, દેશભક્ત કચ્છીઓની ન્યોચ્છાવરી ! - ૧ | પ્રવીણચંદ્ર શાહ.......................... | ૨૪ |
| છોડો કલ કી બાતેં........................................ | સંજય વિસનજી છેડા .................. | ૨૯ |
| પ્રાગમહેલ-આર્કાઇવ- ગ્રંથસંગ્રહાલય પરિચય...... | દલપતરામ દાણીધારિયા............... | ૩૩ |
| મનમોહક મહિમાપુર - નવાબોનું નજરાણું મુર્શિદાબાદ.. | જ્યોતિ મોતા............................ | ૩૭ |
| પાવનકારી પર્વ પર્યુષણ................................ | હેમા વીરા .............................. | ૪૧ |
| સાહિત્ય અમૃત ........................................... | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............ | ૪૩ |
| સ્મિત .................................................... | રાજુલ પિયુષ દેઢિયા.................... | ૪૯ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| દર્પણ જૂઠ ના બોલે................................ | જયંત દેઢિયા.............................. | ૫૦ |
| ઉર્મિલહર................................................. | સંપાદન : વિશન નાગડા.............. | ૫૧ |
| શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - આભાર - અભિવંદના | ............................................... | ૫૫ |
| સાંત્વન..................................................... | ................................................ | ૫૬ |



**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**



Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

## "આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
## એ ઉત્સુકતાનો અંત આવે
## જ્યારે મહેમાન
## ગાલા કેટરર્સ નો ટેગ જોયે
## "જે હશે બધુ ભાવતું જ હશે !"

**Gala Caterers**
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ

# ડેસ્ટીનેશન વેડિંગ

**આપના પ્રસંગોને બનાવો યાદગાર.**

૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

# કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે

**૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ**

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP, JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spec.com

**Gala Caterers**
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

**પ્રવીણ ગાલા : 9892183338**

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૨૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in

Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## વિરોધાભાસ અને વિસંગતતા

માણસ એક સામાજિક પ્રાણી છે.

સમાજ, રાષ્ટ્ર, જાતિ, ધર્મ વગેરેમાં બંધાયેલો છે.

બધાનાં નીતિ-નિયમ છે.

બધાને બધી જ ચીજો માટે સમાન તકો ઈશ્વરે આપી છે.

રાષ્ટ્ર અને એની સરકારે આપી છે, ધર્મે પણ આપી છે.

પરંતુ છતાં પણ બધા સરખા નથી.

ઘણા બધા વિરોધાભાસ છે.

પશ્ચિમી દેશો ખાસ કરીને યુરોપ અને ઉત્તર અમેરિકાની પ્રગતિશીલતા અને સંપન્નતા

અને સામે આફ્રિકાના દેશોની દારિદ્રયતા, દારુણ ગરીબી.

શા માટે આવા વિરોધાભાસ.

એક વાત ખરી, પશ્ચિમી દેશોની સદ્ધરતા, એમનો પુરુષાર્થ અને પ્રગતિશીલ વિચારધારાને આધીન છે. Industrial Revolution અને ત્યાર પછીની નવીનવી શોધોને આધીન છે.

વિશ્વના દરેક દેશોમાં અલગઅલગ શાસન પ્રણાલી છે.

ક્યાંક સરમુખત્યારશાહી છે.

ક્યાંક ચૂંટાયેલ પ્રતિનિધિઓ છે.

ક્યાંક લશ્કરનું રાજ છે.

ક્યાંક રાજાશાહી છે અને

ક્યાંક ધર્માંધ ઝનૂનીઓ છે.

કેટ કેટલો વિરોધાભાસ.

દુનિયા આખી આવા વિરોધાભાસ અને વિસંગતતાઓથી ભરી છે.

વિશ્વને છોડી આપણે આપણા દેશ પર આવીએ.

આપણો દેશ તો કેટકેટલી સંસ્કૃતિઓ, જાતિ, ધર્મ, ભાષાનો સમન્વય છે.

કોઈક આર્ય છે, કોઈક અનાર્ય છે.

ક્યાંક રામ પૂજાય છે, ક્યાંક રાવણ પૂજાય છે.

ક્યાંક મૂર્તિઓ પૂજાય છે, ક્યાંક મૂર્તિઓ નિષેધ છે.

કોઈક હાથ જોડીને વંદન કરે છે, ક્યાંક વંદન વર્જ્ય છે.

અને આ આવું તો ઘણું બધું.

➢ એક તરફ વિશ્વના દસ સૌથી ધનાઢ્યોમાં આપણા શ્રીમંતો છે. બીજી તરફ બે ટંકના ફાંફાં મારતા ભારતીયો છે.

➢ આપણી સંસ્કૃતિ વડીલો ને મા-બાપ ને આદર આપે છે. આજે ઘણાં કુટુંબોમાં વડીલો અને મા-બાપ તરછોડાઈ રહ્યાં છે.

➢ આ સૃષ્ટિનો રચયિતા ભગવાન એક છે.

આપણે કરોડો દેવી-દેવતાઓને ભગવાન સ્વરૂપ પૂજીએ છીએ.

➢ **GOD G Generator**

**O Operator**

**D Destroyer**

**બ્રહ્મા સૃષ્ટિના રચયિતા છે**

**વિષ્ણુ સૃષ્ટિના સંચાલક છે**

**શિવ સૃષ્ટિના સંહારક છે**

**એવી સર્વ સામાન્ય માન્યતા છે.**

પરંતુ તેમ છતાં આપણે કેટકેટલાં દેવી-દેવતાઓને પૂજીએ છીએ.

➢ સૂર્ય એક દેવ છે. સૂર્ય ફક્ત એક તારો છે.

➢ આપણે ધરતી માતાને પૂજનીય ગણીએ છીએ, પરંતુ આપણી આ માતા સૌથી વધુ polluted છે.

➢ ગાય પૂજનીય છે, પરંતુ ગાયોને રસ્તે રઝળતી છોડી દેવાય છે.

➢ આપણે આપણી પુરાતન આયુર્વેદ ચિકિત્સા પ્રણાલીને શ્રેષ્ઠ ગણીએ છીએ, પરંતુ બીમાર પડીએ તો ઉપચાર એલોપેથિક કરીએ છીએ.

➢ આપણે દર પાંચ વર્ષે આપણા પ્રતિનિધિઓ ચૂંટીએ છીએ, જ્યારે આપણા મોટા ભાગના પ્રતિનિધિઓ તર્કસાધુ અથવા ભ્રષ્ટાચારથી ખરડાયેલા છે.

➢ આપણે વિજ્ઞાનનો આદર કરીએ છીએ. આપણું વર્તન રૂઢિચુસ્તતા અને અંધશ્રદ્ધામય છે.

➢ આપણે જાતિવાદને નાબૂદ કરવાની કોશિશ કરીએ છીએ. આપણી મોટા ભાગની નોકરી, અભ્યાસક્રમમાં ૫૦% જેટલું ખાસ જાતિઓ માટે અલાયદું રખાયેલ છે.

➢ આપણે બિનસાંપ્રદાયિક અને સહિષ્ણુ છીએ. હકીકત આપણે જોઈ રહ્યા છીએ.

➢ સ્ત્રીઓ વંદનીય છે. સ્ત્રીઓને રસોડા સુધી સિમીત રખાય છે. રોજ ક્યાંક ને ક્યાંક બળાત્કારના કિસ્સા અખબારમાં આવે છે.

➢ આપણામાં ભણતરનું પ્રમાણ વધ્યું છે. દુનિયામાં સૌથી વધુ IT professional આપણા છે, પરંતુ ભણતરની સાથે દરેક બાબતને વૈજ્ઞાનિક રીતે ચકાસવામાં આપણે ઊણા ઊતરીએ છીએ.

અને આ તો આંગળીનાં ટેરવાં જેટલાં દૃષ્ટાંતો છે. યાદી ખૂબ જ લાંબી બની શકે છે.

**અને જે ભારતમાં છે તે આપણા સમાજમાં પણ છે.**

➢ કરોડોનું દાન આપનાર દાતાઓ છે. સાથે લગભગ ગરીબીની અવસ્થામાં જીવતો મધ્યમ વર્ગ છે, જે કોઈ એક પણ મોટો ખર્ચ આવે તો લાચાર બની જાય છે.

➢ આપણા સમાજમાં ૭૦ ટકાથી વધુ વસતિ મધ્યમ વર્ગની છે, પરંતુ લગ્ન અને અન્ય વ્યહવારોમાં ગજા બહારનો ખર્ચ કરે છે. ધાર્મિક અનુષ્ઠાનોમાં હોંશે હોંશે ભાગ લે છે અને કદાચ ગજા બહારનો ફાળો પણ આપે છે.

➢ આપણા આગેવાનો અને શ્રેષ્ઠીઓ સાદા છે. સ્વપ્રશસ્તિમાં માનતા નથી. સરળ છે, પરંતુ પત્રિકામાં પ્રશસ્તિની જાહેરાતો એમને પણ ગમવા લાગી છે.

- ➢ આપણે પામર મનુષ્ય છીએ. ક્યારેક બધાને જવાનું જ છે, પરંતુ તમારે સક્ષમ ગણાવું હોય તો અવસાન બાદ  ૨૫-૫૦ શ્રદ્ધાંજલિની જાહેરાતો અને યોગી સભાગૃહમાં પ્રાર્થના અનિવાર્ય  છે.

- ➢ આપણો સમાજ સુશિક્ષિત અને પ્રગતિશીલ ગણાય છે, પરંતુ અંગત જીવનમાં રૂઢિઓ, પ્રથાઓ અને પરંપરાથી બંધાયેલો છે.

- ➢ આપણા યુવાનો વધુમાં વધુ ઉચ્ચ શિક્ષણ લઈ રહ્યા છે, પરંતુ પોતાના જ્ઞાનનો ઉપયોગ ચાલતી આવતી માન્યતાઓ અને પરંપરાઓને કસોટીની એરણે ચકાસવા ઠરતો નથી. ધર્મની બાબત એમના માટે ચર્ચાથી પર છે.

- ➢ આપણો સમાજ સમજદાર અને વિચારવંત છે, પરંતુ સમાજની ચૂંટણીઓમાં વ્યક્તિગત ઉમેદવારની ગુણવત્તા ચકાસતો નથી.

- ➢ આજે આપણા સમાજનો સુવર્ણકાળ છે, પરંતુ આપણે પારસીઓની જેમ સખાવતી સંસ્થાઓ બનાવી નથી, જે દરેકને લાભ કર્તા હોય.

- ➢ આ અંક હાથમાં આવશે ત્યારે પર્યુષણ પર્વ પૂરાં થઈ ગયાં હશે. બધાએ ધર્મ-આરાધના સારી રીતે કરી હશે. થઈ શકે એટલી તપસ્યા કરી હશે. વ્યાખ્યાન–વાણીનો લાભ લીધો હશે. સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યું હશે. ચોર્યાસી લાખ જીવયોનિની ક્ષમાપના કરી હશે અને હવેથી ધર્મમય આચરણ કરવાનો સંકલ્પ પણ કર્યો હશે. બધાને અમારા **મિચ્છામિ દુક્કડમ.**

પરંતુ આટઆટલી વિસંગતતાઓ વચ્ચે પણ આપણા સમાજે આપણી જ્ઞાતિની વ્યક્તિની જરૂરિયાતો સંતોષવા જે કર્યું છે તે અદ્વીતિય છે. કદાચ કોઈ પણ સમાજ એની તોલે આવી શકે નહીં.

આપણા સમાજની દરેક સંસ્થાને આવી પ્રવૃત્તિઓ ચલાવવા માટે અંતઃકરણપૂર્વક ધન્યવાદ.

અને આવી પ્રવૃત્તિઓના સંચાલન માટે તેમ જ નાણાંની કોથળી ખુલ્લી રાખનાર આપણા શ્રેષ્ઠીઓની અનુમોદના.

- અશ્વિન માલદે

# પ્રમુખશ્રીની કલમે

ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન

## મિચ્છામિ દુક્કડમ

પગદંડીનો આ અંક તમારા હાથમાં આવે તે પહેલાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી પૂરી થઈ ગયેલ હશે. સમાજ સેવાનાં સાતત્યપૂર્ણ ૭૫ વર્ષ પૂરાં કરી. સમાજની એક આગવી અને આપણી પોતાની માતૃસંસ્થા શ્રી ક.વી.ઓ. સેવા સમાજ ૭૬મા વર્ષમાં પ્રવેશ કરેલ છે.

જૈન ધર્મની પરંપરા મુજબ રાગ અને દ્વેષથી નિકાચિત કર્મો બંધાતાં હોય છે. પોતાના પ્રત્યે રાગ હોવો એ મનુષ્યનો સહજ સ્વભાવ હોય છે, પણ આત્મકલ્યાણની ઈચ્છા ધરાવતા આપણો સૌને એ રાગ-દ્વેષથી મુક્ત થવું અનિવાર્ય બની રહે છે. આપણા આંતરમનમાં પડેલા રાગ-દ્વેષ–ઈર્ષા-શત્રુતા વગેરેને જડમૂળથી દૂર કરી અને એનું વિસર્જન કરવા માટેનું પર્વ એટલે સંવત્સરી.

આ સંવત્સરીનું પર્વ પૂર્ણ થાય એના બીજા દિવસે આપણે સૌ એકબીજા પ્રત્યે મિચ્છામિ દુક્કડમનું આદાન-પ્રદાન કરતા હોઈએ છીએ અને હવે આજના નવા ટેક્નૉલૉજીના જમાનામાં મિચ્છામિ દુક્કડમના મૅસેજ આપણા બધાને મોબાઈલ/ફોન/કોમ્પ્યુટર ઉપર આપ્યા હશે અને કૉપી-પેસ્ટ કરી બધાને મોકલાવી આપણે આત્મસંતોષ કરી લીધો હશે ! પણ ખરેખર આપણે આપણા હૃદયમાંથી આ ભાવ પેદા કરી આપણા સંપર્કમાં આવેલ નાના-મોટા દરેક વ્યક્તિને હૃદયપૂર્વક ક્ષમા આપી? ખૂબ જ વિચાર કરવાની આ વાત છે.

આપણા સૌના સામાજિક જીવનમાં ડગલે અને પગલે આપણા વિચારોથી વિપરીત વ્યક્તિઓના સંપર્કમાં આવતા હોઈએ છીએ. આપણી વિચારધારાની વિરુદ્ધમાં વર્તન કરનાર વ્યક્તિઓ પ્રત્યે હૃદયમાં જે કડવાશ પેદા થતી હોય છે અને એ કડવાશ દૂર

કરવાનું અને એમની વિચારધારામાંથી કઈંક નવું શીખવાનો પ્રત્યન કરીએ તો મને લાગે છે કે આપણા ભગવંતોએ સ્થાપેલ પર્યુષણ પર્વની ઉજવણીનો આપણે સાર્થક કરી શકીશું.

ક્ષમાપના આપણા મતે સેફ્ટી વાલ્વ બની રહે અને સર્વે પ્રત્યે મૈત્રીભાવનો પ્રવિત્ર ભાવ પેદા થાય એવી અંતરપૂર્વકની અભ્યર્થના.

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ પરિવાર દ્વારા અમારી રોજબરોજની પ્રવૃત્તિઓમાં સંપર્કમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ/સમુદાય/સામાજિક સંસ્થાઓને હૃદયપૂર્વકની ક્ષમાયાચના અને આપ સર્વેનાં પ્રેમ-લાગણી અને સહકાર હર હંમેશ અમને મળતાં રહે એવી પ્રાર્થના!

***ફરી એકવાર શ્રી ક.વી.ઓ. સેવા સમાજ પરિવાર તરફથી મિચ્છામિ દુક્કડમ.***

મો. : ૯૩૨૨૯ ૫૫૮૮૦


# મુલચંદ લાલજી એન્ડ કંું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai-400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai-400 001.

લીલાધર માણેક ગડા-અધા

# ગર્ભાશય મુખ અને સ્તન કૅન્સરનું આગોતરું નિદાન

મહિલાઓને થતાં કૅન્સરમાં ગર્ભાશયના મુખ (સર્વિક) અને સ્તન કૅન્સરનું પ્રમાણ ૬૫ ટકા જેટલું છે. આ બંને કૅન્સરનું વહેલું નિદાન થાય તો સારવાર શક્ય છે અને દરદી રોગમુક્ત થઈ શકે છે. બંને પ્રકારના કૅન્સરનાં ચિહ્નો (Symptoms) દેખાય ત્યારે કૅન્સર બીજા કે ત્રીજા સ્ટેજે પહોંચી ગયું હોય છે. શરીરના અન્ય ભાગોમાં ફેલાઈ ગયું હોય છે. આ તબક્કે વિવિધ સારવારથી જીવન લંબાઈ શકે છે, પરંતુ દરદી રોગમુક્ત થતી નથી. ભારતમાં પ્રતિ વર્ષ એકાદ લાખ મહિલાઓ આ કૅન્સરોને કારણે મૃત્યુને શરણે જાય છે અને એમની સરેરાશ ઉંમર ૪૫ વર્ષથી નીચેની હોય છે. આ આંકડાઓ નોંધ લેવાતાં મૃત્યુ આધારિત છે, સાચા આંકડાઓ આનાથી પણ વધારે સંભવી શકે.

માત્ર વહેલા અને સમયસરના નિદાનને અભાવે બન્ને કૅન્સરનો ભોગ બનતી મહિલાઓ દરેક સામાજિક સ્તર કે આર્થિક દરજ્જાની હોય છે. આમાં ગરીબ-તવંગર, અભણ-શિક્ષિતનો ભેદ નથી હોતો સ્તન કૅન્સરની આગોતરી જાણ માટે સ્વપરીક્ષણ સરળ ઉપાય છે. સ્નાન કરતી વખતે સમયાંતરે સ્તનનો ચારેતરફ દબાવવું અને સહેજ ગાંઠ કે સોજા જેવું જણાય તો એ પ્રત્યે દુર્લક્ષ કરવું નહીં. સ્તનની દૂંટીમાંથી ચીકણો પદાર્થ કે પ્રવાહી આવે તો એની અનદેખી કરવી નહીં. આ બન્ને બાબતોમાં ડૉક્ટરની સલાહ લેવી અને બનતી ત્વરાએ મેમોગ્રાફી કરાવી લેવી, જેથી કૅન્સરનું નિદાન થઈ શકે. નિદાન પદ્ધતિ આટલી સરળ હોવા છતાં દર વર્ષે સ્તન કૅન્સરના કેસોમાં વધારો થાય છે.

ગર્ભાશયના મુખનાં કૅન્સરનું કારણ માણસનાં વીર્યમાં રહેલો હ્યુમન પેપિલોના વાયરસ (એચ.પી.વી.) છે. આ કૅન્સર પરિણીત અથવા જાતીય સમાગમ કરતી મહિલાને થાય છે. આ કૅન્સરનો મહિલામાં પ્રસાર, વાયરસની તીવ્રતા અને મહિલાની પ્રતિકારશક્તિ પર અવલંબે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનાં તારણો મુજબ પરિણીત અથવા જાતીય સમાગમ કરતી પોણો ટકો (૭૫ ટકા) મહિલાઓને ગર્ભાશય મુખનું એટલે સર્વિકનું કૅન્સર થાય છે. ૨૨ થી ૪૫ વર્ષની ૪૦૦ મહિલામાંથી ત્રણ બહેનને કૅન્સર થાય છે અને વહેલું નિદાન અને સારવાર થાય તો તે કૅન્સરમુક્ત સામાન્ય જીવન જીવી શકે છે. આ કૅન્સરનું નિદાન સ્તન

કૅન્સર જેટલું સરળ નથી. એને માટે પેપસ્મીઅર ટેસ્ટ, વીઆઇએ વીલી ટેસ્ટ અને કોલસ્પોકોપી જેવા જુદાજુદા ત્રણ ટેસ્ટ છે, પરંતુ દરેકમાં મર્યાદાઓ છે અને લૉજિસ્ટિક મૂંઝવણો છે.

ગર્ભાશયના મુખ પરથી ચીકણું પ્રવાહી (પેપસ્મીઅર) લઇ, તેને કાચ પર પ્રસારિત કરી સ્લાઇડ તૈયાર કરવામાં આવે છે. સ્લાઇડને હિસ્ટોપેથોલૉજી રિપોર્ટ માટે મુખ્ય લૅબોરેટરીમાં મોકલવામાં આવે છે અને એના આધારે કૅન્સરનું નિદાન થાય છે. યુવાન મહિલાઓને આવા ટેસ્ટ માટે તૈયાર કરવી સરળ નથી. ગામડાંમાં પેપસ્મીઅર લઈ એની સ્લાઈડ તૈયાર કરવા લૅબ ટેક્નિશિયન અથવા તાલીમ પામેલી નર્સ જોઇએ. દરેક સ્લાઇડ પર દરદીના ક્રમાંક યોગ્ય રીતે નોંધાવા જોઇએ તથા ગામડેથી લૅબોરેટરી સુધી સ્લાઇડો લઇ જતી વખતે યોગ્ય જાળવણી થવી જોઇએ. આમાં ક્યાંક એક પણ ચૂક થાય તો પરિણામો ગલત આવવાની સંભાવના છે. પર્યાયરૂપે બધી બહેનોના મુખ્ય લૅબોરેટરી મથકે પેપસ્મીઅર ટેસ્ટ થાય એ આદર્શ વ્યવસ્થા છે, પણ સરળ નથી. વિવિધ કારણોસર પેપસ્મીઅર ટેસ્ટનો ધાર્યો ઉપયોગ થતો નથી.

આ સદીની શરૂઆતનાં વર્ષોમાં હ્યુમન પેપિલોના વાયરસ પર સંશોધન કરનારા ડૉક્ટરોએ પેપસ્મીઅરને બદલે વીઆઇએ વીલી ટેસ્ટ શોધ્યો. મહિલાના ગર્ભાશય મુખ પર એસિટિક ઍસિડ પ્રવાહીને પ્રસાર કરવાથી રંગ બદલે તો લ્યુગોલ આયોડિન દ્રાવણ પ્રસારવું અને બેઉ વખતે ગર્ભાશય મુખ પર રંગ બદલે તે મહિલાની જ બાયોપ્સી અથવા પેપસ્મીઅર કરવી. આ ટેસ્ટથી પ્રથમ તબક્કે નેવું ટકા મહિલાઓ બાકાત થઈ જાય છે અને માત્ર દસ ટકા મહિલાઓની મેડિકલ સેન્ટર પર બાયોપ્સી લેવાની રહે છે. બાયોપ્સીના આધારે પોણો ટકા મહિલાઓની કૅન્સરની સારવાર કરવાની રહે છે.

**ભોજાય ટ્રસ્ટની કાર્યવાહી**

આ સંશોધન સાથે સંકળાયેલા ભારતીય મૂળનાં ન્યૂયૉર્ક રહેતાં ડૉ. શોભા કૃષ્ણન ભારત આવ્યાં ત્યારે મહિલા આરોગ્ય અને વિશેષતઃ ગર્ભાશયના રોગો માટે સારવાર તથા સર્જરી અંગે પ્રશંસનીય કામગીરી કરનારી સંસ્થા ભોજાય સર્વોદય ટ્રસ્ટની મુલાકાત લીધી. ભોજાયમાં બે દિવસના રોકાણ દરમ્યાન એમણે ભોજાયમાં વીઆઇએ વીલી ટેસ્ટનું નિર્દેશન કરી ભોજાયના સ્ટાફને તાલીમ આપી તથા સ્ટાફની વધારાની તાલીમ માટે મુંબઇની ટાટા હૉસ્પિટલ સાથે ગોઠવણ કરી. તાલીમ પામેલા સ્ટાફની મદદથી ભોજાય સર્વોદય ટ્રસ્ટે ભારતમાં સૌપ્રથમ વીઆઇએ વીલી ટેસ્ટ દ્વારા ગર્ભાશય મુખનાં કૅન્સરના આગોતરા નિદાનનો કાર્યક્રમ શરૂ કર્યો. આ પરીક્ષણોનાં પરિણામો વિશ્વ આરોગ્ય સંસ્થાનાં તારણો સાથે મેળ ખાતાં હતાં. ત્રણ વર્ષના આ કાર્યક્રમ હેઠળ કૅન્સરગ્રસ્ત ૨૯ મહિલા પૈકી ૨૭ બહેનને રોગમુક્ત કરી શકાઈ હતી.

**મહિલાઓનાં જીવન માટે અત્યંત જરૂરી એવો ટેસ્ટ સરળ બનાવતું સાધન ગાયનાકેમ વિકસાવવામાં મૂળ રાયણના યુવાન ઝુબિન સાવલાનો નોંધનીય ફાળો છેઃ આગામી ઑક્ટોબરથી કચ્છનાં ગામડે ગામડે જાગૃતિ પરીક્ષણ માટે ભોજાય સર્વોદય ટ્રસ્ટ ઝુંબેશ શરૂ કરશે**

આ પરીક્ષણોમાં એક મર્યાદા નડતી હતી. ગર્ભાશય મુખના કલરમાં થતા ફેરફાર જોવા મેગ્નિફાઇંગ ગ્લાસનો ઉપયોગ થાય છે જેનો યોગ્ય સ્થળે ગોઠવવા માટે સમય લાગે છે. ક્યારેક બીજો અભિપ્રાય લેવા માટે સાથી પરીક્ષકને ફરી વાર ટેસ્ટ લેવો પડે છે. તદ્દુપરાંત આ ટેસ્ટમાં માનવીય ભૂલ (હ્યુમન એરર)નો અવકાશ રહે છે. ત્યાર પછી મેગ્નિફાઇંગ કાચને બદલે કોલપોસ્કોપ (માઈક્રોસ્કોપ જેવું) શોધાયું, પણ બંનેમાં એ જ મર્યાદા નડતી હતી. વળી આ પરીક્ષણમાં સમય લાગે અને એટલો સમય મહિલાનું ગુપ્તાંગ ખુલ્લું રહે તેથી મહિલાઓ પણ સંકોચ અનુભવતી હતી. ગામડાંમાં ઇલેક્ટ્રિસિટી ન હોય તો કોલપોસ્કોપ વાપરી ન શકાય. આ મર્યાદાને કારણે ગર્ભાશયના મુખના કૅન્સર પરીક્ષણ માટે સરળ સાધન અને આસાન પદ્ધતિની તાતી જરૂરિયાત હતી.

### નવું સાધન ગાયનાકેમ

ટાટા સેન્ટર ફોર ટેકનૉલૉજી ઍન્ડ ડિઝાઇન (ટીસીટીડી) ટાટા સમૂહની પેટા સંસ્થા છે. ભારતમાં ગ્રામ્ય સ્તરે કેળવણી, ખેતી, આરોગ્ય જેવી પ્રવૃત્તિઓમાં મદદરૂપ થઈ પડે એવાં સરળ અને સસ્તાં સાધનો વિકસાવવા અને નિર્માણ કરવાનું આ સંસ્થા કામ કરે છે. સને ૨૦૧૭માં મુંબઈની ટાટા મેમોરિયલ હૉસ્પિટલ અને ટી.સી.ટી.ડી.એ ગર્ભાશય મુખના કૅન્સરનાં નિદાન માટે સરળ સાધન વિકસાવવાનો પ્રોજક્ટ હાથ ધર્યો અને આ સાધનનો ઉપયોગ વિદ્યુત ન હોય એવા વિસ્તારોમાં પણ થઈ શકે. આ પ્રોજેક્ટમાં તેમણે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નૉલૉજી (આઈ.આઈ.ટી) પવઈનો સાથ લીધો. ૨૦૧૭થી ૨૦૨૨ પાંચ વર્ષનાં સંશોધન અને પરિશ્રમ પછી ટી.સી.ટી.ડી. અને આઈ.આઈ.ટી.એ સંયુક્તપણે GYNACEM - ગાયનાકેમ નામે સરળ અને હાથવગું (હૅન્ડી) સાધન વિકસાવ્યું. મોબાઈલ જેવું આ સાધન બૅટરી સંચાલિત છે, જેથી ઈલેક્ટ્રિસિટીની જરૂરત પડતી નથી. મહિલાના ગર્ભાશય મુખ પર એસિટિક ઍસિડ અને લ્યુગોલ આયોડિનનું દ્રાવણ પ્રસરાવી એનો ગાયનાકેમ સાધનથી ફોટો લઈ લેવાનો હોય છે. માત્ર ચાર-પાંચ મિનિટમાં પરીક્ષણ થઈ જાય છે, એટલે મહિલાનું ગુપ્તાંગ પણ મર્યાદિત સમય સુધી ખુલ્લું રહે છે અને આ પરીક્ષણમાં પૂરેપૂરી ગુપ્તતા અને સાવધાની રાખવામાં આવે છે. આ મોબાઈલ જેવા

મશીનમાં દશેક હજાર જેટલી મહિલા દરદીની માહિતી સચવાઈ રહે છે અને આ ડેટા ટ્રાન્સફર થઈ શકે છે.

આપણા માટે ગૌરવ લેવા જેવી ઘટના છે, કારણકે, આ સાધન વિકસાવવામાં ગામ કચ્છ રાયણ-હાલે મુંબઈના ૨૯ વર્ષના યુવાન ઝુબિન સાવલાનો નોંધનીય ફાળો છે અને ભોજાય સર્વોદય ટ્રસ્ટ ગૌરવશાળી છે કે, આ સાધનનો સૌપ્રથમ ઉપયોગ ૨૫-૨૬ ફેબ્રુઆરી ૨૦૨૨માં ભોજાય આયોજિત સ્ત્રીરોગ શિબિરમાં થયો હતો. આ અગાઉ વીઆઇએ વીલી ટેસ્ટ ભારતમાં સૌ પ્રથમ ભોજાય હૉસ્પિટલમાં થયો હતો.

### ટ્રસ્ટનું ભવિષ્યનું આયોજન

ભોજાય સર્વોદય ટ્રસ્ટે ભૂતકાળના અનુભવ અને ગાયનાકેમનાં સરળ અને સફળ પરીક્ષણને આધારે ગર્ભાશય મુખ અને સ્તન કૅન્સરનાં આગોતરાં નિદાન માટે વિસ્તૃત કાર્યક્રમ હાથ ધરવાનો નિર્ણય લીધો છે, જેમાં પ્રથમ તબક્કે કચ્છનાં ૨૦૦ ગામડાં તથા ભુજ અને માંડવી શહેરને આવરી લેવાશે. આ પરીક્ષણ હવે મેડિકલ અને ટેક્નિકલ રીતે સરળ અને ક્ષતિરહિત છે. આ આયોજનનો ૨૫ થી ૪૫ વર્ષની મહિલાઓ લાભ લે એ માટે એમને માનસિક રીતે તૈયાર કરવામાં થોડીક મુશ્કેલીઓ છે. કૅન્સર રોગની ગંભીરતા અને આગોતરાં નિદાનની સરળતા અને જરૂરિયાત અંગેનો સંદેશો દરેક મહિલાને મળે અને મહિલા એ અંગે જાગૃત થાય એ માટે સહિયારો પ્રયાસ કરવો જોઇશે. ભોજાય ટ્રસ્ટના આ આયોજન સાથે ચાર મહિલા સંસ્થા જોડાઈ છે. જેઓ આની માહિતી જરૂરતમંદ મહિલાઓ સુધી લઇ જશે. પરીક્ષણ માટે મેડિકલ બેકગ્રાઉન્ડ ધરાવતી મહિલાઓ અને નર્સોને તાલીમ આપવામાં આવશે. કચ્છના સ્ત્રીરોગ નિષ્ણાંતો (ગાયનેકોલૉજિસ્ટો)એ બે પૅનલ બનાવી છે. જેઓ ગાયનાકેમ સાધન દ્વારા લેવાયેલા ફોટાઓનું પૃથક્કરણ કરી નિદાન કરી આપશે. નિદાન પછી બાયોપ્સી, સોનોગ્રાફી વિનામૂલ્યે કરી આપવામાં આવશે. અન્ય સારવાર નિઃશુલ્ક થઈ શકે એ અંગેનું માર્ગદર્શન અથવા ગોઠવણ કરી આપવામાં આવશે.

મહિલાઓની સરળતા માટે દશેક કેન્દ્ર પર નિશ્ચિત સમયાંતરે પરીક્ષણો થશે, જે અંગેની વિસ્તૃત માહિતી સોશિયલ અને પ્રિન્ટ મીડિયા દ્વારા ગામડેગામડે પહોંચાડવામાં આવશે. તાલીમ પામેલી કાર્યકર બહેનો સ્તનનાં સ્વપરીક્ષણ અંગે માર્ગદર્શન આપશે. કચ્છ યુનિવર્સિટીના મેડિકલ સોશિયલ વર્ક વિભાગનો પણ એમના સક્રિય સહકાર માટે સંપર્ક કરવામાં આવશે. ભોજાય સર્વોદ ટ્રસ્ટ સૌના સાથ-સહકારથી આ કાર્યક્રમનું આયોજન કરશે અને એની શુભ શરૂઆત ઑક્ટોબર ૨૦૨૨થી થશે.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

# આવ રે વરસાદ

✻ ડૉ. ગિરીશ વીછીવોરા ✻

અતિવૃષ્ટિ તો ઠીક, ક્યારેક કુદરત રૂઠે, અનરાધાર વરસી પડે કલાકના કલાક કે દિવસોના દિવસ. જીનજીવન ખોરંભાય. વૃક્ષો ને તરુવરોનો ખો નીકળી જાય. જંગલી પ્રાણીઓ બિચારાં થઈ જાય. ચિત્તો ને હરણ જોડાજોડ ઊભાં રહી ઉચાટભર્યાં હૃદયે કુદરતના કોપના સાક્ષી બની રહે. નદી-નાળાં છલકાય. ડેમનું પાણી સહેજે નીચાણે વહે વચમાં આવતી વસ્તીને કનડતું રહે. સુરત જેવા શહેરમાં તાપી કોપાયમાન થાય તો ઘણાને ઉપર અગાશીના શરણે જવું પડે.

શહેરમાં વણજાહેર રજા પડી જાય. વાહનવ્યવહાર થંભે. ખખડધજ મકાનો જમીનદોસ્ત થાય ને જાનહાનિનો આંકડો વધે. પાકાં મહાલયોમાં મહાલતા ગુણીજન વરસાદની ઐસીતૈસી કરી ઘરમાંજ સમય વિતાવવા કોઈ મનોરંજન કાર્યક્રમ ગોઠવી દે. એમને બહારની ખાનાખરાબી સાથે નિસ્બત ઓછી. ખરી મુસીબત કાચાં મકાન કે ઝૂંપડાવાસીઓની હોય છે. મનોરંજન તો ઘરે ગયું, જીવ બચાવવા જીવસટોસટના ખેલ ખેલવા પડે છે. કુદરતના કોપ સામે ઝીંક ઝીલવાની તેમની મરદાનગીને દાદ દેવી પડે. શરીફાબહેન વીજળીવાળાએ આવી અતિવૃષ્ટિમાં એમના કાચાં ઓરડાની થયેલ વલે ને આખા કુટુંબે કરેલ આપત્તિના સામનાનું વર્ણન દિલધડક છે.

ગામડામાં હજી પણ ઘણાં મકાન કાચાં ને ઉપર દેશી નળિયાં વરસાદનો સામનો કરતાં અડીખમ ઊભાં છે. સંચારો ગમે એટલી ચીવટથી સંચાર કરે, એકાદ-બે ચૂવાક થવાના જ. કારણ સંચારાએ પોતાનું કામ બરાબર કર્યું. એની વિદાય પછી કૂતરાં, બિલાડાં, વાંદરાં કે અન્ય પ્રાણીઓને ઘરના છાપરે મહાલવું ગમે. ક્યારેક અનાયાસે પગ પછાડતાં નળિયું ખસેડે. કેટલાને ભગાડવા. ફળસ્વરૂપ વર્ષા મુસીબત જેવી થઈ રહે ને રહેવાસીઓ મનોમન એની તૈયારી કરી લે.

વરસાદનું ઝાપટું આવ્યું. થોડુંક વરસી અન્ય ઠેકાણે પોતાનું અસ્તિત્વ જાહેર કરવા વરસાદભાઈ હાલતા થાય તો ઘર હેમખેમ રહે. રહેવાસી હળવાશ અનુભવે. એવી હળવાશ ક્ષણિક જ રહે છે. પેલા છડી પોકારનારા છાંટા, પછવાડે ખરું કટક ચડી આવે ને મુક્તમને વરસી પડે. સહેજે ઘર આખું તરબોળ થઈ જાય.

નળિયાનું પાણી નાનીનાની સરવાણી થઈ નળિયાની બે ધાર વચ્ચે ભેગું થઈ વહે ને છેવાડે નેવાં એને જમીન પર રેડે.

નેવાં બહુધા વરસાદના પ્રમાણનું માપ કહી દે. ટપક ટપક થતા યા મુડદાલશી નાના બાળકની લઘુશંકા જેવી પાતળી ધાર વહાવતાં નેવાં નામના જ વરસાદની છડી પોકારે છે. વરસાદ વધ્યો, નેવાં નવપલ્લિત થાય. રીતસર જાડા સાંઠા જેવી ધાર વહેતી થાય ને જમીન પર પછડાય. જેમ વરસાદ વધે તેમ ધારનું કદ ને જોર વધે. પડવાનું સ્થાન જરાં આઘું જાય. એવા નેવાંનું પાણી હાથમાં ઝીલવાનું અટકચાળું કરીએ તો ખોબાનું પાણી ચહેરે અડે.

નેવાં રમતિયાળ પવન સંગે એવા ડોલે, મારા બેટા જાણે કોઈ કથકલ્લી નૃત્યની તાલીમ લેતાં હોય. એવું જ એમના રવનું. મુડદાલ નેવાં માયકાંગલા ઉંહકારા ભણે પાણી વધ્યું. એમનામાં અજબની સ્ફુર્તિ આવે. નૃત્ય સાથે સંગીત ભળે. કંઈકેટલાએ રાગ-રાગિણીની ઝાંય ઉપસાવે. ભરવરસાદે મનમૂકી વહેતાં નેવાં યુવાનીનું પ્રતીક છે. અલ્લડ અંગડાઈ ને અંઘોળ કરતાં ને કરાવતાં નેવાં વર્ષાનું એક અમોલ ઘરેણું છે. રમતિયાળ નેવાંની રમઝટ, હંસાતુંસી, ધીંગામસ્તી ને ઉછળકૂદ જોવી જિંદગીનો અમૂલ્ય અવસર છે. નેવાં સન્મુખ થઈ જોવું કે અંદર કરઈમાંથી જ એમના અવાજની લીલા માણવી અવિસ્મરણીય અનુભવ છે. આવા અલ્લડ મન મૂકી વહેતાં નેવાં સન્મુખ થયાં, એમનું વહન, નૃત્ય ને ગાન માણતા થયા તો થોડીક જ વારમાં એમના નીચે ઊભા રહી માથાબોળ સ્નાન કરતાં કરતાં, એમના સંગીતમાં સાથ પુરાવતાં તમે પણ ગાઈ ઊઠશો, 'મારે પાલવડે બંધાયો, જસોદાનો જાયો.'

અંદરના ઓરડામાં બેઠા હો, વર્ષાના રવને પકડી કોઈ ગાન ગણગણતા હો. તો ક્યારેક તમારો તપોભંગ થાય. તપોભંગ કરવાનો ઈજારો મેનકાએ જ લીધો છે એવું 'કોણે કહ્યું ! ક્યાંક ટપકટપક રવ ઊપસે નજર સંકોચાય ને ઠામડું મુકાય. વર્ષા વધી તો અત્રતત્રસર્વત્ર ઠામડાં ઉભરાય. એમનામાં પડતાં ટીપાંની માત્રા વરસાદનું પ્રમાણ કહે. ટીપામાં અપાર વિવિધતા. કોઈ નાના, નગણ્ય, કોઈ મોટાં કદાવર. તેવું જ તેમના આગમનનું અંતર. બે ટીપાં વચ્ચેનું અંતર - અંતરાલ- ખાલીપો માણવો હોય તો ધ્યાનસ્થ થઈ એ અંતરાયને પકડી ક્યાંક કોઈ નવી કેડી કંડારાઈ જાય. અલબત્ત આજુબાજુંના ઠામડામાં પડતા વર્ષાબિંદુ જેમની રૂપે - રંગે ને ટંગે અપાર વિવિધતા હોય તે ધ્વનિ પણ અવનવું ઉપસાવે. નથી લાગતું કુદરત તમને ઘરઆંગણે કોઈ અવ્વલ નંબરના કલાકારનુ જલતરંગ વાદન સંભળાવતી હોય.

કરઈમાંથી નેવાંની રમઝટ માણવી એક લહાવો. ભલે પ્રત્યક્ષ ન દેખાતાં હોય, પણ એમનો ધ્વનિ સતેજ કાનને રંજિત કરતો રહે. એવા રંજિત હૃદયે તમે પણ કંઈ લલકારો તો શું થયું.

આંગણામેં ઢોરઢાંખરને રહેવાની જગા પર રક્ષણાર્થે લોખંડ કે સેમેન્ટનાં પતરાં નાખ્યાં હોય તો જેવું જેનું ગજું તેવું તેનું છજું જેવું થાય. લોખંડનાં પતરાં બહુધા તીવ્ર સપ્તકમાં જ મહાલે. વરસાદ પડે તે જાણે કોઈ પીણો પડ્યો તેમ પ્રતિનાદ ઉપસાવે, સહેજ કરડાકી ખરી. જ્યારે સિમેન્ટનાં પતરાં, રાજઘરાણાનાં, ગર્ભશ્રીમંત, ગરાસિયાની જેમ ગૌરવભેર એવો પ્રતિસાદ ઉપસાવે, દિલને ટાઢક વળે એવો ગોરંભાયેલો ઘેઘુર ઘન નાદ સુણી ઘન ગર્જે, મેહુલો વરસે ને પેલો મંદિરની શિખરની ટોચે બેઠેલો મેહુલો ટહુકે.

પક્ષીઓ બિચારાં થઈ જાય. ક્યાંક આસરો લે. ચકલીબહેન, કે કબૂતરકાકા ઘરમાં ગરે તો એક ખૂણો ચુપચાપ બેસી રહે. એમનું ઘુ ઘુ કે ચીંચીં કે કાગડાભાઈનો કાં કાં રજા પર હોય. પીવા માટે મૂકેલું પાણી કે ચણમાં ચાંચ જરૂર પરોવે પણ મન મૂકી ચણે નહિ. ઘણી વાર એમના હૃદયના ધબકાર દૂરથી નજર સંકોરી જોતાં તાર સપ્તકમાં મહાલતાં દીસે.

પ્રકૃતિમાં નવસર્જન છે તો વિનાશ પણ છે. સહેજે વિનાશ આપણને ઓછો ગમે. પોતાના નામાની વહી કુદરત સરભર રાખે જ છે. વિનાશમાં જ નવસર્જન જોડાયેલું હોય છે. એની જાણ જ્યારે ધરતીકંપ જેવી ઘટનાઓ જેને આપણે કુદરતી આફત કહીએ છીએ. કારણ ઘણો બધો વિનાશ ધરતીકંપ કરી નાખે છે. પણ એ વિનાસમાંથી જ પ્રેરણા લઈ આપણે નવસર્જન કરીએ છીએ.

પ્રકૃતિનું હર અંગ-પાંચ તત્ત્વોમાં સર્જન સાથે વિસર્જન જોડાયેલું જ છે. સહેજે આપણને સર્જન ગમે. નવસર્જન ધીમેધીમે છતું થતું જાય છે, ત્યારે આપણે આંખો પહોળી કરી, આભા થઈ જોઈ રહીએ છીએ. પ્રકૃતિ સાથે વધુ છેડછાડ ન કરવી. એની હર પ્રવૃત્તિને સાક્ષીભાવે જોવી. એ જે કરે છે તે સર્વના હિત માટે જ કરે છે એવું મનમાં ઠસાવી કુદરતનો મહિમા કરતા થશું તો એ બહુ જ ઉદાર દિલની છે. એનું હૃદય વિશાળ છે. આપણને ક્યારેય દગો દેશે નહિ.

ઘરમાં બેઠાંબેઠાં કુદરતની લીલા વર્ષારૂપે માણતાં માણતાં ભૂખ તો લાગવાની, બાએ ઘડેલો રોટલો ને શાક લુસલુસ ખાતાં શું કામ ગાઈ ન બેસીએ 'આવ રે વરસાદ ઘેબરિયો પરસાદ, ઊનીઊની રોટલી ને કારેલાનું શાક.'

*(સદ્ગત લિખીત સાહિત્ય-સંચયમાંથી સાભાર)*

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# હજારો વર્ષોનું ડહાપણ એટલે દૃષ્ટાંતકથાઓ

ડૉ. ગુલાબ દેઢિયા

વાર્તા પહાડ જેટલી પ્રાચીન છે. માણસ લખતાવાંચતા નહિ શીખ્યો હોય, લિપિ નહિ પ્રયોજાતી હોય, ગુફાની દીવાલો પર માણસ ચિત્રો કાઢતો હશે ત્યારે પણ વાર્તા તો હશે જ. વાર્તા નહિ સાંભળી હોય એવો કોઈ માણસ મળે ખરો ? માણસને વાર્તારસ વગર ચાલતું નથી.

જ્યારે કંઈક કહેવું હોય, પ્રવચન-વ્યાખ્યાન આપવું હોય, કોઈ વાત સમજાવવી હોય, ભારપૂર્વક કહેવી હોય, સરળ બનાવીને કહેવી હોય ત્યારે કશા નક્કર આધારની જરૂર પડે છે. આપણી દલીલના ટેકામાં  કંઈક સચોટ કહેવાની ઈચ્છા  થાય છે.

દૃષ્ટાંતકથા એ ટેકો પૂરો પાડે છે. દાખલો કે ઉદાહરણ આપો એટલે ચિત્ર ઊભું થાય છે. સાંભળનારને ઝટ સમજાઈ જાય છે. ગળે ઊતરી જાય છે.

દૃષ્ટાંતકથામાં કહેવતની જેમ ડહાપણ હોય છે. વેધકતા હોય છે. સરળતા અને લાઘવ હોય છે. દૃષ્ટાંતકથા રસિક પણ હોય છે, કારણકે કોઈ પણ કથા નીરસ હોય તો તો કોણ સાંભળે ?

દૃષ્ટાંતકથાના અભ્યાસથી બીજી વાત જાણવા મળે છેઃ તે સમયનું ચિત્ર, સામાજિક પરિસ્થિતિ, લોકોની માન્યતા, સ્ત્રીઓની દશા, રીતરિવાજો, જ્ઞાતિઓ વિશેની છાપ, રાજાઓ, પ્રધાનો, શેઠ, સાધુ, નોકર, રસોઈયા, પંડિત, વનવાસી, શઠ, વેશ્યા વગેરે અનેક પ્રકારના લોકોની ગતિવિધિનું ચિત્ર મળે છે. આપણી દૃષ્ટાંતકથાઓમાં પોપટ જેવા પંખીઓ પ્રાધાન્ય ધરાવે છે. ઘોડા, હાથી અને બળદ આવે છે. બાગ, રાજદરબાર, બજાર અને પાણીનો આરો આવે છે. શુકન-અપશુકન આવે છે. રસ તો બધા જ આવે છે. તેમાં પણ શૃંગાર, હાસ્ય, અદ્‌ભુત મુખ્ય હોય છે.

દૃષ્ટાંતકથાઓમાં  ધ્યાન ખેંચતી બાબત છે બુદ્ધિચાતુર્ય. કોઈ પણ સમસ્યા કેમ ઉકેલવી, મુશ્કેલીમાંથી કેમ માર્ગ કાઢવો, વ્યવહાર કુશળતા કેમ સાધવી તેનો મીઠો બોધ દૃષ્ટાંતકથાઓ આપે છે. નીતિમત્તાની વાતો, ઝીણીઝીણી વ્યવહારની વાતો દૃષ્ટાંતકથા શીખવે છે.

‘આગે સે ચલી આતી હૈ’નો બોધ આપતી એક દૃષ્ટાંતકથા છે.

શેઠના મૃત્યુ બાદ શેઠાણી પોતાનો સમય પસાર કરતી હતી. શેઠનું શ્રાદ્ધ કરવાનો દિવસ આવ્યો ત્યારે શેઠાણી નહાઈ-ધોઈ તૈયાર થઈ રસોઈમાં ગુંથાઈ જાય છે, ત્યાં એણે પાળેલી બિલાડી એના પગમાં અટવાવા લાગી. શેઠાણીએ બિલાડીને દૂર કરી ફરી સ્નાન કર્યું, ફરી બિલાડી દખલ દેવા ગઈ, એટલે શેઠાણીએ એક સૂંડલા નીચે બિલાડીને પૂરી દીધી અને શ્રાદ્ધકર્મ પતાવ્યું. પછી દર વર્ષે એ પ્રમાણે કરતી રહી.

ઘરમાં નવી વહુ આવી. એણે સાસુને આ પ્રમાણે શ્રાદ્ધ કરતાં જોઈ.

એકાદ-બે વર્ષ બાદ સાસુનું મૃત્યુ થયું. હવે વહુને સસરાનું શ્રાદ્ધ કરવાનું આવ્યું.

શ્રાદ્ધના દિવસે વહુ નહાઈ-ધોઈને તૈયાર થઈ. એને યાદ આવ્યું કે શ્રાદ્ધ શરૂ કરતાં પહેલાં સાસુજી ટોપલા નીચે બિલાડી મૂકતાં હતાં. એ તો પડોશમાં દોડી અને કહ્યું : 'મારે સસરાનું શ્રાદ્ધ કરવું છે. મારી પાસે ટોપલો તો છે પણ બિલાડી નથી. તમારી બિલાડી આપશો ?' પછી એણે બિલાડી મેળવીને, તેને ટોપલા નીચે મૂકી શ્રાદ્ધકર્મ દર વર્ષે ચાલુ રાખ્યું.

આ દૃષ્ટાંતમાંથી બોધ થાય છે કે સાસુ માટે તો બિલાડી સમસ્યા ઊભી ન કરે, ખાવાનું ન અભડાવે માટે ટોપલા નીચે પૂરવાની હતી; જ્યારે વહુએ એ વાતને રિવાજ સમજી ચાલુ રાખી. ઘણી રૂઢિઓ અને રિવાજો આ રીતે જ ચાલુ રહે છે.

વિનોબાજી કુરાનના પણ ઊંડા અભ્યાસી હતા. એમણે કુરાનની એક દૃષ્ટાંતકથા નોંધી છે.

કહે છે કે કુરાનમાં સ્વર્ગ અને નરકની સાથે એક ત્રીજી પણ ગતિ બતાવે છે, તેને બરઝક કહે છે. એક છે જન્નત - સ્વર્ગ, બીજું છે દોજખ - નરક, ને એ બેની વચ્ચે છે એક દીવાલ જેને બરઝકની દીવાલ કહે છે.

જે લોકો બરઝકની દીવાલ પર હોય છે તેઓ સ્વર્ગ પણ જોઈ શકે છે ને નરક પણ જોઈ શકે છે. સ્વર્ગ ભણી જુએ છે ને તેમને થાય છે, 'સ્વર્ગમાં લોકો આપણા કરતાં કેવા સુખી છે ! આપણે તો બરઝકમાં પડ્યા છીએ.' એમને દુ:ખ થાય છે. એમની એક આંખ રડે છે, પણ જ્યારે તેઓ નરક ભણી જુએ છે ત્યારે 'આ લોકો કરતાં તો આપણે વધારે સુખી છીએ,' એમ વિચારી બીજી આંખ હસે છે.

આ કથા સમજાવતાં વિનોબાજી લખે છે, જે લોકો મધ્યમ વર્ગના છે, તેઓ બરઝકના લોકો જેવા છે, કેટલાક લોકો તેમનાથી ઉપર છે અને કેટલાક નીચે છે. જો તેઓ ઉપરવાળા ભણી જોશે તો મનમાં ઈર્ષ્યા - અદેખાઈ જાગશે, પરંતુ નીચેવાળા ભણી જોશે તો હૃદયમાં કરુણા જાગશે.

એક પ્રાચીન દૃષ્ટાંતકથા છે, પણ એનો બોધ આધુનિક સંદર્ભમાં પણ લઈ શકાય.

એક શેઠ વ્યવહારકુશળ અને વિદ્વાન હતો. વનમાં એક વૃક્ષ કાપવા જાય છે. તે વખતે એ ઝાડમાંથી એક વ્યંતર આવી વિનયપૂર્વક હાથ જોડીને કહે છે, 'શ્રેષ્ઠી! મારે રહેવાનું સ્થાન છેદીશ નહિ. ચિંતામણિની જેમ હું તારી સર્વે ઈચ્છાઓ પૂર્ણ કરીશ. પરંતુ જ્યારે તું મને કંઈ કામ આપીશ નહિ ત્યારે તને ખાઈ જઈશ.'

વણિક તો વ્યંતરને પોતાના ઘરે લઈ આવ્યો. પછી તરત જ વ્યંતરને હુકમ કર્યો, મારે માટે સુંદર સાત માળનો મહેલ તૈયાર કરી આપ. વ્યંતરે ઝડપથી તે કામ પૂરું કર્યું. પછી શેઠે ધાન્ય, વસ્ત્ર, સુગંધી પદાર્થ વગેરે જે જે મંગાવ્યું, વ્યંતરે બધું હાજર કરી દીધું. વ્યંતરનું પેલું વાક્ય બરાબર યાદ રાખી શેઠે જ્યારે કંઈ કામ ન રહ્યું ત્યારે વ્યંતરને કહ્યું, 'પર્વત જેવો ઊંચો એક વાંસ લઈ આવ.' તે વાંસ લઈ આવ્યો. શેઠે કહ્યું, 'જ્યારે હું કંઈ પણ કામ ન સોંપું ત્યારે તારે આ વાંસ ઉપર ચઢવા અને ઊતરવાનું સતત ચાલુ રાખવું.'

વ્યંતરે કહ્યું, 'શેઠ, તમે જીતી ગયા, હું હાર્યો.'

આ કથાનો બોધ આજના સંદર્ભમાં લેવા જઈએ તો જે આધુનિક યંત્રો, ટેક્નૉલૉજી કારખાનાં, વિજ્ઞાન, યંત્રણા જે કંઈ છે તેને યોગ્ય કામ ન સોંપીએ તો આપણો જ ભોગ લઈ લે. વિરાટ શક્તિ નવરી ન રહી શકે. કંઈક કામ જોઈએ જ.

આમ તો એ એક રમૂજી ટુચકા તરીકે પ્રચલિત છે પણ એનો દૃષ્ટાંત તરીકે ઉપયોગ થઈ શકે.

ગલીના નાકે ચાર-પાંચ મિત્રો ઊભા હતા. દૂરથી એક પહેલવાન જેવો કોઈ અજાણ્યો માણસ આવ્યો અને ઊભેલાઓને સંબોધીને પૂછ્યું, 'તમારામાંથી બટુક કોણ છે ?' નટુએ ઝટ દઈને કહ્યું, 'બટુક હું છું.' પેલાએ નટુને બરાબરનો મેથીપાક દીધો ને પછી જતો રહ્યો.

થોડી વારે કળ વળતાં પાસે ઊભેલા મિત્રોએ નટુને પૂછ્યું,'તું બટુક નથી છતાં આ શા માટે કર્યું ?' નટુએ પોતાના અતિ જિજ્ઞાસુ સ્વભાવવશ કહ્યું. 'આપણને ખબર તો પડી કે એને બટુકનું શું કામ હતું.'

જરૂર ન હોય તેવી બાબતોમાં સમજ્યા વગર મોં ઘાલનાર, અતિજિજ્ઞાસા બતાવનાર ઘણી વાર આ રીતે માર ખાય છે.

ભગવાન મહાવીરસ્વામીની ઉપદેશપદ્ધતિ 'જ્ઞાતાશૈલી' એટલે દૃષ્ટાંત દ્વારા વાત સમજાવવાની હતી. સ્વ. જયભિખ્ખુએ 'ભગવાન મહાવીર' પુસ્તકમાં જે ચાર દૃષ્ટાંતકથાઓ નોંધી છે તે આ પ્રમાણે છેઃ

એક વાર ભગવાને કહ્યું :

કેટલાક લોકો અતિથિ માટે ઘેટાને પાળે છે. ઘેટાને ખૂબ લાડ લડાવે છે. સારોસારો ઘાસચારો ખવડાવે છે અને ચોળા તથા જવ ખવડાવી હૃષ્ટપુષ્ટ કરે છે. ઘેટું ખાય છે અને મોજ કરે છે.

એ ઘેટું મોટા પેટવાળું અને મોટી કાયાવાળું થાય છે. ઘેટું માને છે કે મારા જીવનમાં આનંદ છે, મોજ છે, મસ્ત થઈને ખાવા-પીવાનું છે. બીજાં ઘેટાં જુઓ ને કેવાં રખડે છે ! કેવાં ભૂખે મરે છે !

એવામાં ઘરધણીને ત્યાં અતિથિ આવે છે. ઘરધણી મહેમાનને જમાડવા રાતામાતા ઘેટાને પકડે છે, બાંધે છે અને તેનો વધ કરે છે. એના ઝીણાઝીણા કટકા કરી સ્વાદિષ્ટ વાનગી બનાવે છે. ઘેટાને મરતી વખતે અતિથિ આવ્યાનો શોક થાય છે.

ઘડપણરૂપી અતિથિ કોને નથી આવતો ? મૃત્યુરૂપી છરી કોને હલાલ નથી કરતી? એ અતિથિ અને એ છરી આવ્યા પહેલાં જે ચેતે એ ખરો ચેત્યો કહેવાય.

ભગવાન એક કોડી સામે નવસો નવ્વાણું રૂપિયા ગુમાવનારનું દૃષ્ટાંત આપે છે.

એક માણસ પરદેશ જઈ મહેનત કરી એક હજાર રૂપિયા કમાઈને પાછો ફરી રહ્યો હતો. એણે હજાર રૂપિયામાંથી એક રૂપિયો જુદો રાખ્યો. નવસો નવ્વાણું વાંસળીમાં નાખી કેડે બાંધ્યા.

એક રૂપિયાની સો કોડી લીધી અને નક્કી કર્યું કે આ સો કોડીમાં જ પ્રવાસખર્ચ પતાવવો.

ધીરેધીરે એણે ઘણો રસ્તો કાપી નાખ્યો અને થોડેક દૂર રહેતાં એક ઠેકાણે એ ખાવા બેઠો, ત્યાં એ એક કોડી ભૂલી ગયો. જમ્યા બાદ આગળ વધ્યો. રસ્તે પેલી કોડી યાદ આવી. હવે એક કોડી ખાતર નવો રૂપિયો વટાવવો પડશે. વિચાર્યું કે પાછા જઈ કોડી લઈ આવું.

નવસો નવ્વાણું રૂપિયા એક જગ્યાએ દાટ્યા અને કોડી લેવા હાંફળો-ફાંફળો પાછો ફર્યો.

દોડતો પેલા સ્થળે ગયો. કોડી ન જડી. દોડતો આગળ વધ્યો. દાટેલા નવસો નવ્વાણું રૂપિયા કોઈ કાઢી ગયેલું. કોડીય ગઈ અને નવસો નવ્વાણું રૂપિયા પણ ગયા.

દેહ ખાતર આત્મા ખોનારાઓએ વિચાર કરવા જેવો છે.

એક રાજાને કેરી ખાવાનો શોખ હતો. બહુ કેરી ખાવાથી વિષૂચિકા (કૉલેરા)નો રોગ થયો. વૈદે દવા આપી સાજો કર્યો, સાથે ચેતવણી આપી કે હવે કેરી ખાશો તો જીવ ખોશો.

રાજાએ થોડા દિવસ વૈદનું કહેવું માન્યું. મન કેરીમાં જ રમવા લાગ્યું. રાજાને કેરી વગર ચેન ન પડે.

આખરે રાજાએ કેરી ખાધી અને રોગ થયો. ફરી સાજો ન થયો.

એક તુચ્છ વસ્તુ માટે જીવ ખોયો.

ભગવાન કહે છેઃ ત્રણ વેપારી સરખી મૂડી લઈ પરદેશ વેપાર કરવા નીકળ્યા.

ઘણા દેશ ફરી ઘણે દહાડે ત્રણેય વેપારી પાછા ફર્યા. પહેલો વેપારી મૂડી બમણી કરી કમાઈને આવ્યો. બીજો મંદીમાં ફસાતાં માંડમાંડ મૂડી બચાવીને પાછો ફર્યો. ત્રીજો મૂડી ખોઈને પાછો ફર્યો.

પહેલા પ્રકારના મનુષ્યો મનુષ્યરૂપી મૂડી જાળવે છે અને પૂજ્યતા પામે છે. મનુષ્ય જીવનમાં સદાચાર, તપ, શીલ ને વ્રત વગેરે પાળી દેવ બને છે. બીજો મનુષ્યત્વ જાળવી રાખે છે. સાદા આચારો પાળે છે. ત્રીજા પ્રકારના જીવો મનુષ્યત્વ ખોઈ નાખે છે. અનાચારી અને દુરાચારી બની નરકના ભાગી બને છે.

જૈન સાહિત્ય અસંખ્ય સ્વરૂપોમાં લખાયું છે. તેમાં અનેક ચરિત્રો આવે. છે અગણિત કથાઓ આવે છે. જૈન દૃષ્ટાંતકથાઓનું સાહિત્ય અત્યંત સમૃદ્ધ છે. એ કથાઓના વિષયનો વ્યાપ ઘણો મોટો છે. અનેક ગ્રંથોમાં, હસ્તપ્રતોમાં વિખરાયેલી પડેલી દૃષ્ટાંતકથાઓને એકસાથે સંકલિત કરવામાં આવે તો જૈન દૃષ્ટાંતકથાઓના પ્રતાપથી સૌ આશ્ચર્યમુગ્ધ થઈ જાય.

બૌદ્ધ જાતકકથાઓ, સૂફી કથાઓ, ઝેન કથાઓ વગેરે અનેક ધર્મોની કથાઓ પ્રચલિત છે. એ બધી દૃષ્ટાંતકથાઓ સામે જો જૈન ધર્મગ્રંથોમાં વર્ણવેલી કથાઓ મૂકવામાં આવે તો કથાઓનાં વિષય, વ્યાપ, શૈલી, સાર, વિવિધતા, કૌશલ વગેરે અનેક બાબતો નોંધપાત્ર બની રહે.

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય વિસનજી છેડા - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી

# વણપોંખાયેલા, દેશભક્ત કચ્છીઓની ન્યોચ્છાવરી ! - ૧

પ્રવીણચંદ્ર શાહ

દક્ષિણ ભારતમાં છેલ્લા આઠ-નવ દાયકા દરમ્યાન કચ્છીઓનો વસવાટ સારા-મોટા પ્રમાણમાં વિસ્તૃત થતો રહ્યો છે. આજનું ચેન્નઈ તાજેતરનાં વર્ષો સુધી મદ્રાસ નામે ઓળખાતું અને બોલાતું હતું. કયા કચ્છીએ મદ્રાસમાં પ્રારંભિક વસવાટનાં મંડાણ કર્યાં હશે, તેની વજૂદ પાત્ર દસ્તાવેજી આધારોવાળી માહિતી તો વ્યવસ્થિત સંશોધન પછી મળે. તે દરમ્યાનમાં વરિષ્ઠ કચ્છી, કાઠિયાવાડી, ગુજરાતી કે દક્ષિણી નાગરિકો, જ્ઞાતિઓનાં જૂના વસતિપત્રકો, વ્યાપાર ધંધાવાળાઓના આગલા પત્રવ્યવહારો, સેન્સસના સરકારી રિપોર્ટમાંના નિર્દેશો - વગેરે પરથી જે તારવણી થાય તેનાથી કામ ચલાવી લેવું પડે.

દક્ષિણ ભારતના પ્રદેશોમાં ઘણા દાયકાઓ પહેલાં પહોંચેલા કચ્છીઓએ શરૂઆત કેરળના કોચીનથી કરી હોવાનું જણાય છે. ધીમેધીમે એમનો પથારો વિસ્તરતો ગયો. કેરળ, તામિલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટકનાં મુખ્ય શહેરોમાં જ માત્ર નહીં, પણ અંતરિયાળ પ્રદેશોમાં પણ તે ફેલાયો- કચ્છી વીસા-દશા ઓસવાળો અને કચ્છના કણબી-પાટીદારોનું જામતા જવું લગભગ સમાંતરે, સમાન ગતિએ થયું જણાય છે. કચ્છી પાટીદારો વાયા ગુજરાતથી અને કચ્છી જૈનો વાયા મુંબઈથી દક્ષિણમાં પહોંચ્યા છે. દક્ષિણ ભારતમાં ઠરીઠામ થતા જવાની કચ્છી જૈનોની પ્રક્રિયા મુંબઈના એમના વસવાટનું વિસ્તૃતિકરણ હતું.

સને ૧૯૨૦-૨૧-૨૨ના અરસામાં મદ્રાસમાં સ્થપાયેલી પ્રારંભની વેપારી પેઢી શા ભવાનજી મુરજીની હતી. તેના વહીવટકર્તા કચ્છ ડુમરાના શા ચાંપશી વેલજી કારાણી હતા. અનાજનો જથ્થાબંધ વેપાર આ કંપનીનો હતો. એ પછી સ્થપાતી ગયેલી કચ્છીઓની મદ્રાસ ખાતેની વેપારી પેઢી શા રવજી નેણસીની કંપની (૧૯૨૪-૨૫) હતી. તેના મુખ્ય વહીવટકર્તા કચ્છ ભુજપુરના શા જગશી દેવજી હતા. તેમનો પણ જથ્થાબંધ અનાજનો વેપાર હતો. આ બન્ને પેઢીઓની કામગીરી લગભગ આઠ-દસ વર્ષની રહેલી. એ પછીની ધંધાધારી કચ્છી પેઢીઓમાં શા પૂંજા ઠાકરસીની કંપની (૧૯૨૭-૨૮), ભવાનજી ઍન્ડ કંપની (૧૯૪૮-૪૯), શા તેજુ કાયાની કંપની (૧૯૪૪-૪૯) અને તે પછી તો કચ્છી જૈનોની બીજી સંખ્યાબંધ પેઢીઓ સ્થપાતી ગઈ હતી. આ બધી પેઢીઓનો ધંધાધારી વિકાસ અને

સામાજિક-સાંસ્કારિક યોગદાનનો સિલસિલો એવો ઉજ્જવળ રહેતો આવ્યો છે કે તેની વિગતો સમાવવા જુદા વિસ્તૃત લેખની જરૂર પડે.

મદ્રાસ પ્રદેશે વ્યક્તિગત સાહસો, એકલપંડે, નવા અજાણ્યા પ્રદેશમાંની ધંધાધારી શક્યતાઓનો કાચો-પાકો તાગ મેળવવાના હેતુએ, ૧૯૨૪ આસપાસ શરૂઆતમાં પહોંચનારાઓમાં કચ્છી વીસા ઓસવાળ જૈન શ્રી વેરસીભાઈ (કે વેરસીંભાઈ) કરમસી સૈયા હતા. તેઓ કચ્છના ગામ શેરડીના હતા. રાજાશાહીવાળા તે અરસાના કચ્છમાં પાણી, બિયારણ, ખાતર કે રસ્તા જેવી ખેતી માટે અનિવાર્ય કોઈ સુવિધા નહોતી, ન તો વરસાદની નિયમિતતા કે નિશ્ચિંતતા હતી. વર્ષો ઉપરાઉપર કરવરાં જતાં. કચ્છની ખેતી-આધારિત ગ્રામ્ય પ્રજા માટે તો જે હતા તે, તે વખતના રાજા ખેંગારજી બાવાનું પ્રજાશાંસક મહેસૂલ, પોલીસ, ન્યાયતંત્રની પારાવાર જોહુકમી, ત્રાસ અને ભ્રષ્ટાચાર હતાં. પરિણામે નછૂટકે ગ્રામીણ કચ્છીઓ કે શહેરી કચ્છીઓને વતન કચ્છથી હિજરત કરીને જીવનનિર્વાહ માટે મુંબઈ જેવાં સ્થળોએ સ્થાયી થવું પડતું હતું. વેરસીભાઈ કરમસી સૈયા એ રીતે મુંબઈ પહોંચેલા.

વેરસીભાઈને વિધિસરનો કૉલેજના ઉચ્ચ શિક્ષણનો લાભ મળેલો હોવાની શક્યતા નહિવત્ છે, પણ એમનામાં કોઠાસૂઝ ઊંડી હતી. અભ્યાસવૃત્તિ, જાતમહેનત, ખંત એમનામાં ભારોભાર હતાં. કપાસ, તેલીબિયાં, મગફળી કે ચોખા, તેલ કે કોપરા જેવી કૉમોડિટીઝ એમને ગમતા વિષયો અને પ્રવૃત્તિ હતાં. અંગ્રેજીના સતત વાંચન અને સફાઈદાર અંગ્રેજી પત્રવ્યહવારના મહાવરા દ્વારા એમણે અંગ્રેજી ભાષા પર સારો કાબૂ હાંસલ કરેલો હતો. એમની વ્યાવસાયિક કારકિર્દીનાં શરૂઆતનાં વર્ષો દરમ્યાન બૉમ્બે ઑઈલસીડ્ઝ મર્ચંટ્સ ઍસોસિઍશનની મુંબઈ ઑફિસના સેક્રેટરી તરીકે એમણે ફરજ બજાવેલી. આ કામગીરી એમણે કાબેલિયતથી સંભાળેલી અને આ જાતની જવાબદારીથી એમની જાણકારી અને અનુભવ ઘણાં સંગીન બનેલાં. મુંબઈ ખાતેના એ વખતના એમના નિકટના મિત્રો-શુભેચ્છકોમાં શ્રી લીલાધર પાસુ શાહ (ચાંગડાઈવાળા) અને મેઘજીભાઈ વિજપાર ગાલા (રાયણવાળા) વગેરેનો સમાવેશ હતો. મુંબઈ ઑઈલસીડ્ઝ મર્ચંટસ ઍસોસિયેશનની ઑફિસના મૅનેજર તરીકે થોડાં વર્ષો કામ કર્યાં પછી, ૧૯૩૩ આસપાસ એક કચ્છી માલિકની પેઢી, ખોજા મીઠાભાઈ નથુભાઈની ઑઈલસીડ્ઝ ટ્રેડિંગ કંપનીના મદ્રાસ - ઑફિસના મેનેજર તરીકે તેઓ મદ્રાસ પહોંચેલા. કેટલાક સમય એ જવાબદારી સંભાળ્યા પછી ત્યાંથી છૂટા થઈ પોતાનો સ્વતંત્ર ધંધોવ્યાપાર એમણે આદરેલો અને ખીલવેલો.

વેરસીભાઈ કરમસીનું વ્યક્તિત્વ અને લાક્ષણિકતાઓ નિરાળાં અને સહેજ વિચિત્રતાવાળાં હતાં. આત્મશ્રદ્ધા, સાહસ, હિંમત, ધૈર્ય અને ઝીણવટભરી વ્યાપારિક - સામાજિક નિરીક્ષણ દૃષ્ટિ એમને વરેલાં હતાં. પણ એમની સાહસિકતામાં અવારનવાર આંધળુકિયાપણું પણ ભેરવાઈ જતું. કપાસ હોય કે એરંડા, મગફળી હોય, તેલ હોય, ચોખા હોય કે ખાંડ - તેના હેજિંગની, તેના સટ્ટાની, ખરીદી-વેચાણની તેમની ધંધાદારી પ્રવૃત્તિ અને શોખ હતા. સટ્ટામાં આવક પણ ધરખમ મોટી થઈ શકે અને જ્યારે પાસાં પોબાર ન પડે ત્યારે આર્થિક પછડાટ પણ આવે, જેને બેફિકરાઈવાળી ફાંકામસ્તીથી એ સ્વીકારી પણ લે, ક્યારેક ક્યારેક સુ-સાહસને બદલે દુઃસાહસ પણ કરી બેસતા; પણ હિંમત હારતા નહીં. બધું સમુંસુતરું હોય તો મુંબઈની મુલાકાત દરમ્યાન તે વખતે પણ અલ્ટ્રા-મૉડર્ન પણ મોંઘીદાટ ગણાતી તાજમહાલ હોટેલમાં ધામા હોય. નહીંતર, ફાંકામસ્તીમાં નિકટના ઘરોબાવાળા મિત્રોની પરોણાગત માણે ! મદ્રાસ એમનું હેડક્વાર્ટસ, પણ ધંધાધારી લેન-દેન, મિત્રતા અને સંપર્કો આખા દેશમાં એમણે વિકસાવેલા હતા.

રોમના રહેવાસીઓ જેમ રોમમાં રહે, મદ્રાસવાસીઓ જેમ મદ્રાસમાં રહે, એ જ રીતે સ્થાનિકના મદ્રાસનિવાસીની જેમ વેરસીભાઈ મદ્રાસમાં રહેતા. એમનો વર્ણ શ્યામ હતો. સાઉથ ઈન્ડિયનોમાંના મોટા ભાગના ના વર્ણ પણ શ્યામ હોય છે. અસ્સલ મદ્રાસી જેવો એમનો પહેરવેશ રહેતોઃ કમર નીચે લૂંગી અને ઉપર સફેદ પહેરણ, દક્ષિણની ત્રણેય મુખ્ય ભાષાઓ-તમિલ, તેલગુ અને મલાયાલી પર એમણે સાઉથ ઈન્ડિયનો જેવો જ કાબૂ મેળવી લીધેલો. અંગ્રેજી, હિંદી, ગુજરાતી, મરાઠી અને કચ્છીમાં તો માહેર હતા જ.

મદ્રાસનો એમનો વ્યાપાર-ધંધો એમણે મજબૂત પણ કર્યો અને ધૂમ રીતે વિકસાવ્યો અને વિસ્તાર્યો પણ ખરો. એ ઘણું સારું કમાયા. કચ્છથી વાયા મુંબઈ થઈને મદ્રાસ એમ કહી શકાય કે લગભગ દોરી-લોટો લઈને ગયેલા, એ જ મદ્રાસમાં એમણે પોતાના બે-ત્રણ બંગલા બનાવ્યા. સ્થાવર-જંગમ મિલકત વધારી. નામ અને પ્રતિષ્ઠા તથા સામાજિક રાજકીય વગ અને પ્રભાવ પણ વધાર્યાં. જાહેર હિતની પ્રવૃત્તિઓમાં પણ ઊંડો રસ લેતા. તે વખતની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ કરતી કૉંગ્રેસ સંસ્થાને પણ સારો સમય, શક્તિ અને નાણાકિય સમર્થન તેઓ આપતા રહેતા. મદ્રાસ પ્રદેશ કૉંગ્રેસ કમિટીના ખજાનચીપદે પણ તેઓ નિયુક્ત થયેલા. તે વખતના તામિલનાડુના પ્રભાવશાળી અગ્રણી આગેવાન શ્રી કામરાજ નાહર, જે પાછળનાં વર્ષો દરમ્યાન અખિલ ભારતીય કૉંગ્રેસ-અધ્યક્ષ પણ બનેલા. તેમની અને વેરસીભાઈની નિકટની મિત્રતા હતી અને ઘરોબો-સંબંધ હતા. મદ્રાસમાં કૉંગ્રેસ-

અધિવેશન ભરાયેલું ત્યારે વેરસીભાઈના બંગલે પોતાનો ઉતારો સરદાર શ્રી વલ્લભભાઈ પટેલે આગ્રહપૂર્વક રખાવેલો. વેરસીભાઈના મદ્રાસના ઘર-બંગલા, ભોજન-રહેવાની સવલતો આવનારા બધા મુલાકાતીઓ માટે હંમેશાં ખુલ્લાં રહેતાં. એમને ત્યાંનાં રસોડાં કાયમી મહેમાનગૃહોની જેમ સતત ચાલુ અને પ્રવૃત્ત રહેતાં. લક્ષ્મીના સંગ્રહ અને સંચય પ્રત્યે એમનું બેફિકરાઈવાળું વલણ હતું. ધંધાધારી આવકમાં ભરતી-ઓટ ચાલ્યા કરતી, પણ એમના આતિથ્ય અને કચ્છીયતની છાંટવાળી મહેમાનગતિઓમાં કે મિત્રતામાં કે જરૂરિયાત વખતે બીજાને ઉપયોગી થવાની ધગશમાં કોઈ ઉણપ એ આવવા દેતા નહીં. સ્વભાવે અને વ્યવહારે વેરસીભાઈ પરગજુ, અને ઝિંદાદિલ કચ્છી -ગુજરાતી હતા. પોતાના ધંધા-વેપાર વિસ્તાર વધારતા અને સાચવતાં પોતાના જાણીતા કચ્છી સ્નેહી-સંબંધીઓને પણ મદ્રાસ આવી સ્થાયી થવા પ્રોત્સાહિત કરતા અને પૂરી મદદ કરતા. ૧૯૩૯માં એમના માસીઆઈ ભાઈ (કચ્છ-દેવપુરના) શ્રી તલકશી રવજીને પણ એમણે મદ્રાસ બોલાવી લઈ, ગોઠવી દીધેલા.

ઈ.સ. ૧૯૩૮-૩૯માં બીજા વિશ્વયુદ્ધના વાદળાં ઘેરાવા લાગેલાં. ૧૯૩૯માં તો વિશ્વયુદ્ધ ફાટી જ નીકળ્યું. તેની હોળી યુરોપથી આગળ ફેલાતાં ફેલાતાં ૪૧-૪૨ સુધીમાં તો છેક આફ્રિકાખંડ, બર્મા અને સિંગાપોર જેવા દેશો સુધી પહોંચી ચૂકી હતી. તેની જ્વાળાએ પૂર્વ આફ્રિકાને પણ વિષમ રીતે દઝાડવા માંડ્યું હતું. દાયકાઓથી કે પેઢી-દર-પેઢીઓથી પૂર્વ આફ્રિકાના દેશોમાં સ્થાયી થયેલા ભારતીયોમાં કચ્છના, સૌરાષ્ટ્ર-ગુજરાતના, બંગાળ-બિહારના અને દક્ષિણ ભારતના બહુ મોટી સંખ્યાના પરિવારોનો સમાવેશ હતો. બીજા વિશ્વયુદ્ધની વિપરીત અસરોને કારણ હજારોની સંખ્યામાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને લગભગ પહેરેલે કપડે પોતાના મૂળ વતન તરફ ભાગી છૂટી, જાન બચાવવાની નોબત આવી ગયેલી.

પૂર્વ આફ્રિકા અને ભારત વચ્ચે મુસાફરી માટે તે વખતે દરિયાઈમાર્ગ સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. સ્ટીમરોની ટિકિટોના મોંમાગ્યા દામ નછૂટકે ચૂકવવા પડતા હતા. સ્ટીમર કંપનીઓને તો બખા થઈ પડેલા. એમની જ મનમાની ચાલતી. સ્ટીમરના કપ્તાનને ભારતનું જે બંદર સલામત લાગે ત્યાં સ્ટીમરોને લાંગરી દઈ, પેસેંજરોને ઉતારી મુકાતા. આવી રીતે મદ્રાસ બંદર પર સ્ટીમરો લાંગરી તેના મુસાફરોની હાલત પણ અસહ્ય, અત્યંત કફોડી થતી હતી.

પ્રજાકીય સંસ્તા તરીકે મદ્રાસ પ્રદેશની કૉંગ્રેસ કમિટી પણ ચિંતિત હતી. દેશાભિમાન અને કચ્છીયતના સંસ્કારવાળી વેરસીભાઈથી પણ વિદેશથી ફંગોળાઈને જાન બચાવવા દેશ પાછા આવતા ભારતીયોની આ અવદશાવાળી હાલત સહન ન થઈ શકી. સ્ટીમર પરથી કિનારે ઉતારી દેવાતા બેહાલ પેસેંજરોમાં માત્ર

કચ્છીઓ કે સૌરાષ્ટ્રીયનો કે ગુજરાતીઓ જ નહોતા. માત્ર જૈનો કે હિન્દુઓ જ નહોતા. માત્ર ગરીબો, મધ્યમવર્ગીઓ કે તવંગરો જ નહીં, બધા જ હતા. ઉત્તર ભારત, બંગાળ-બિહારના વસાહતીઓ પણ હતા. હિંદુઓ હતા, મુસ્લિમો હતા, સરદારજીઓ અને ખ્રિસ્તીઓ પણ હતા. શરૂઆતમાં પેસેંજરોની સંખ્યા સેંકડોની હતી તે દર નવી સ્ટીમરે ફાટફાટ વધતી જતી હતી. તે વખતની બ્રિટિશ સરકારે માત્ર સોગંદ ખાવા પૂરતી, નામની વ્યવસ્થા ગોઠવવાનો દેખાડો કરેલો, પણ તે માત્ર દેખાડા પૂરતો જ, કારણ કે વિશ્વયુદ્ધમાં ચર્ચિલનું બ્રિટન ખુદ પણ ગળાડૂબ સંડોવાયલું હતું.

પોતાના સાથીમિત્રોને સાથે રાખીને વેરસીભાઈ કરમશી સૈયા, કચ્છીએ હામ ભીડી મદ્રાસ બંદરે ઠલવાતા સ્ટીમર દીઠ સેંકડો હિંદુસ્તાનીઓને આસરા અને ઉતારા તાકીદની પરિસ્થિતિમાં કેમ અને ક્યાં આપવા? સગવડવાળાં મોટાં મકાનો તુરતા પુરત કોણ આપે ? અને શા માટે આપે ?

વેરસીભાઈએ એ ગાંઠ પણ પોતાની હૈયાઉકલતથી ઉકેલી. મદ્રાસના પરા જેવા વિલ્લીવાકમ્‌માં એમણે મકાનો ખરીદી લીધાં. સ્ટીમરોમાંથી મદ્રાસ ઉતારાતા બધા પેસેંજરો- હિંદુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, જૈન, ગરીબ, તવંગર, વૃદ્ધ, યુવાન, બાળકો, સ્ત્રીઓ, અપંગો, બેજાર, લાચાર, આ બધાં પોતાના મૂળ વતન પહોંચવા રવાના થાય ત્યાં સુધીના સગવડભર્યાં રહેણાંકની, સમયસરના ભોજનની, નહાવા-ધોવાની, માંદાઓ માટેના દવાદારૂની, સાબુ, તેલ જેવી રોજિંદા ખપની ઝીણીઝીણી વસ્તુઓની અને મદ્રાસથી પેસેંજરોના વતન સુધીની ટ્રેન-બસનાં ભાડાંની ટિકિટોની, હાથખરચીની બધી વ્યવસ્થા હજારો લોકો માટે વેરસીભાઈ કરમશી સૈયા, દેશભક્ત કચ્છીએ કરેલી અને હજારો હિજરતીઓના આશીર્વાદ અને દુઆ મેળવેલા. આવી ચારેક સ્ટીમરો મદ્રાસ બંદરે લાંગરી હતી. દેશવાસીઓ પરની આપત્તિના સમયે ન્યોચ્છાવરી કરવામાં વેરસીભાઈએ જરાય ઘડીનો પણ વિલંબ ન થવા દીધો કે ન તો પાછું વળીને જોયું.

પરંતુ એથીય વધુ સાહસ, હિંમત અને વેરસીભાઈની દેશભક્તિની આકરી કસોટી તો તે પછી ૧૯૪૨ની ‘ક્વિટ ઈન્ડિયા,’ ‘હિંદ છોડો’ના પડકારવાળી, ક્રાંતિની કટોકટીમાં થઈ હતી. પોતાનું સર્વસ્વ, વેરસીભાઈ કરમસી સૈયાએ બ્રિટિશ સરકાર સામે હોડમાં મૂકવું પડ્યું હતું. વેરસીભાઈએ એ ન્યોચ્છાવરી પણ કરી. સાચી દેશભક્તિ, સિદ્ધાંતનિષ્ઠા, અમલી કરી બતાવ્યાં અને સ્વાતંત્ર્યસેનાની તરીકે પોતાનું અને કચ્છીયતનું નામ ઉજજવળ કર્યું.

(ક્રમશઃ)

(મો.) ૯૯૩૦૬૬૦૨૪૨

# છોડો કલ કી બાતેં

CA સંજય વિસનજી છેડા

આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થયાં એ નિમિત્ત જ્યારે ૧૩થી ૧૫ ઑગસ્ટ, આખા દેશમાં ‘હર ઘર તિરંગા’નો સુંદર ઉત્સવ મનાવવામાં આવ્યો, ત્યારે દેશભરમાં જાણે ઑગસ્ટના મહિનામાં દિવાળી જેવું વાતાવરણ થઈ ગયું. દરેક ગૅલેરી, દરેક મકાન, દરેક બારીમાં રાષ્ટ્રધ્વજ, શ્વેત વસ્ત્રોમાં સજ્જ સ્કૂલ અને કૉલેજના વિદ્યાર્થીઓ અને અન્ય નાગરિકોની જોશવંત રૅલીઓ, દરેક મકાન, દરેક ઇમારત પર ધ્વજના રંગોની લાઈટોનાં તોરણો. ઠેરઠેર જુદીજુદી સ્પર્ધાઓ. ચારે તરફ ‘‘વંદે માતરમ’’ અને ‘‘ભારત માતાકી જય’’ના જયનાદ.

આંખ બંધ કરીને વિચારીએ તો એવું લાગે કે જાણે હજી કાલે જ આઝાદી મળી અને આખો દેશ એ આઝાદીના ઉત્સવને મનાવી રહ્યો છે. એવો જ માહોલ સોશિયલ મીડિયા પર. દરેક વ્યક્તિના ફેસબુક, ઇંસ્ટા, વૉટ્સએપના ડીપીમાં રાષ્ટ્રધ્વજનું લહેરાવું, કેટલાંય દેશભક્તિના ગીતોથી છલકાતી લોકોની સ્ટોરીસ, આખું વાતાવરણ જાણે દેશપ્રેમ, દેશદાઝથી છલોછલ અને એવામાં નજીકના બિલ્ડિંગમાં ધ્વજવંદનના કાર્યક્રમમાં લાઉડ સ્પીકર પર એક મધુર ગીત ગૂંજ્યું.

***છોડો કલ કી બાતેં, કલ કી બાત પુરાની,***
***નયે દોર મેં લિખેંગે, મિલ કર નઇ કહાની,***
***હમ હિન્દુસ્તાની, હમ હિન્દુસ્તાની...***

ફિલ્મ ‘‘હમ હિન્દુસ્તાની’’ (૧૯૬૦). સુનીલ દત્ત અભિનીત આ ફિલ્મ, ઉષા ખન્નાનું કર્ણપ્રિય સંગીત, મુકેશનો ઘેઘૂર અવાજ અને પ્રેમ ધવનના શબ્દો. ફરી યુ-ટ્યૂબ પર આ ગીત લગાડી શબ્દશઃ સાંભળ્યું. ૬૨ વર્ષ જૂનું ગીત, પણ જાણે શબ્દે શબ્દ આપણી આજની વાત કરી રહ્યું હોય.

કાલની જૂની, પુરાણી વાત છોડી, આ ગીત દેશના નવા લોહી, નવા જોમ, નવા જનૂન, નવી કહાનીની વાત કરે છે. આપણો આ ભારત દેશ ક્યાં હતો અને આજે આપણે ક્યાં આવી પહોંચ્યા. એક જમાનો હતો જ્યારે આપણા દેશ વિષે ‘‘જહાં ડાલ ડાલ પર સોને કી ચિડિયા કરતી હૈ બસેરા’’, એવું ગર્વ સાથે કહેવાતું. જ્ઞાન, ધન, સાધન, સંપત્તિથી છલોછલ આપણા દેશ પર એ પછી અવાર-

નવારનાં વિદેશી આક્રમણો થયાં જેણે દેશને ખુવાર કરી દીધો અને પછી એક એવો સમય આવ્યો જ્યારે આ દેશને સાપ અને મદારીઓનો દેશ કહેવાતો હતો અને સમય સાથે આજે ફરી ભારત દેશનો વિશ્વભરમાં માન સાથે જોવાય છે. આ ગીત સાંભળીએ ત્યારે દરેક કડીમાં જાણે આપણા દેશની સંઘર્ષ યાત્રાની, વિજયગાથાની વાત છે.

***આજ પુરાની જંજીરો કો તોડ ચૂકે હૈ,***
***ક્યા દેખે ઉસ મંજિલ કો, જો છોડ ચૂકે હૈ,***
***ચાંદ કે દર પર જા પહુંચા હૈ આજ જમાના,***
***નયે જગત સે હમ ભી નાતા જોડ ચૂકે હૈ,***
***નયા ખૂન હૈ, નઈ ઉમંગે, અબ હૈ નઇ જવાની,***
***હમ હિન્દુસ્તાની, હમ હિન્દુસ્તાની...***

આઝાદી પછી પાર્ટિશન અને દેશના એક નહીં બે વાર ટુકડા, ઉપરથી લૉર્ડ કર્ઝને વાવેલા કોમી વેરઝેરનાં બીજ જ્યારે વટવૃક્ષ બની આખા દેશને ધીમેધીમે ખાઈ રહ્યા હતા. ઉપરથી ભ્રષ્ટાચારનો ભરડો. આ બધામાંથી ધીરેધીરે બહાર આવી જ્યારે આપણા દેશની વિજયપતાકાઓ વિશ્વભરમાં ફરકી રહી છે, ત્યારે આ ગીત ગણગણતા છાતી ગદ્‌ગદ ફૂલી ઊઠે છે. દેશનું કેવું વજન, કેવું વર્ચસ્, કે યુક્રેનના નેતાઓ ભારતને વિનંતી કરે કે તમે રશિયા-યુક્રેનના મુદ્દે અમારી મંત્રણામાં મદદ કરો. વળી યુદ્ધની વચ્ચે યુક્રેનમાં ફસાયેલા આપણા નાગરિકો માટે બન્ને દેશો આપણા રાષ્ટ્રધ્વજને ક્લીન બાયપાસ આપે. તો વળી સોનાની લંકા કહેવાતું શ્રીલંકા જ્યારે ખુવારીના આરે પહોંચે ત્યારે આખા વિશ્વને છોડી ભારત સામે મદદ માટે આશ લગાવે.

ક્યાં હતા આપણે અને આજે ક્યાં જઈ પહોંચ્યા. સાચે જાણે જૂની બધી સાંકળો તોડી આપણે આખા વિશ્વને ફરી એ જ ''જહાં ડાલ ડાલ પર સોને કી ચિડિયા કરતી હૈ બસેરા, વોહ ભારત દેશ હૈ મેરા'' ની યાદ દેવડાવવા સક્ષમ થઈ ગયા. જ્યારે વિશ્વભરમાં કોરોનાએ ભરડો લીધો ત્યારે કેટલાય દેશોને લાખો, કરોડો વેક્સિનના ડોઝ પહોંચાડી આ મહામારીમાંથી એ દેશોને બહાર કાઢવામાં ભારતની ભૂમિકા કોણ નકારી શકે છે.

***હમકો કિતને તાજમહલ હૈ ઔર બનાને,***
***કિતને હી અજંતા હમ કો ઔર સજાને,***
***અભી પલટના હૈ રૂખ કિતને દરિયાઓકા,***
***કિતને પર્વત રાહો સે હૈ આજ હટાને,***
***નયા ખૂન હૈ, નઈ ઉમંગે, અબ હૈ નઇ જવાની,***
***હમ હિન્દુસ્તાની, હમ હિન્દુસ્તાની...***

એક સમયો તાજમહેલ, અજંટા, ઈલોરા, નાલંદા વગેરે સ્થાપત્ય માટે પ્રખ્યાત હિન્દુસ્તાન ફરી પાછું વિશ્વના નકશામાં એક અવગણી ન શકાય એવી સત્તા બની ઊપસી આવ્યું છે. એક તરફ ૯૩ મીટરની ઊંચાઈ સાથે સ્ટેચ્યૂ ઑફ લિબર્ટીની સામે ૧૮૨ મીટરની ઊંચાઈ સાથે વિશ્વની સૌથી મોટી પ્રતિમા તરીકે સ્ટેચ્યૂ ઑફ યુનિટીએ આખા વિશ્વનો અચંબામાં મૂકી દીધી. તો બીજી તરફ ચેનાબ નદીના તળથી ૩૫૯ મીટર (એફિલ ટાવરથી ૩૫ મીટર વધુ ઊંચે)ની ઊંચાઇ પર બંધાયેલા દુનિયાનો સૌથી ઊંચો રેલવે બ્રિજ બાંધકામના વિશ્વમાં ભારતને એક અલગ ઊંચાઈએ લઈ આવ્યો છે.

તો વળી અવકાશ ક્ષેત્રે, એક હોલીવુડ ફિલ્મ બનાવવા જેટલા ખર્ચમાં, પહેલા પ્રયત્નમાં (હા, હા, પહેલી વારમાં) સીધા મંગળ સુધી પોતાના અવકાશયાનનો પહોંચાડનાર આપણે ભારતીય. જો ગર્વ લેવા માંગો તો આપણે વિશ્વને એવું ઘણું આપ્યું છે, જેના માટે આપણને આપણી ગૅલેરીમાં લહેરાતા રાષ્ટ્રધ્વજ માટે માન ઊપજે. (બાકી જેને વાંધા વચકા કાઢવા છે એને તો તીર્થસ્થાનો મફતમાં મળતા ભોજનમાં પણ મીઠું ઓછું લાગશે)

***આઓ મહેનત કો અપના ઈમાન બનાયે,***
***અપને હાથો કો અપના ભગવાન બનાયે,***
***રામ કી ઇસ ધરતી કો, ગૌતમ કી ભૂમિ કો,***
***સપનો સે ભી પ્યારા હિન્દુસ્તાન બનાયે,***
***નયા ખૂન હૈ, નઈ ઉમંગે, અબ હૈ નઇ જવાની,***
***હમ હિન્દુસ્તાની, હમ હિન્દુસ્તાની...***

એક ભારતીયની મહેનત, એની ખંત, એનું ખમીર, એની આવડત માટે જો વધુ કંઈ જાણવું હોય તો દુનિયાની ટોચની કંપનીઓના ''ભારતીય સુકાનીઓ''ના નામનું લિસ્ટ વાંચી લો. ઇન્દ્રા નૂયી - પેપ્સી, સુંદર પિચાઈ - ગૂગલ, સત્યા નડેલા - માઈક્રોસોફ્ટ, પરાગ અગ્રવાલ – ટ્વીટર, અંશુ જૈન - ડચ બૅન્ક, શાંતનુ નારાયણ - એડોબ, રાજીવ સૂરિ -નોકિયા, અજય બાંગા – માસ્ટર કાર્ડ, અરવિંદ કૃષ્ણા - આઈબીએમ. આ લિસ્ટનો વધારે લાંબુ ન કર્યા વગર કહેવું હોય તો એટલું કહી શકીએ કે ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાં ત્રીસ ટકા કંપનીઓના સુકાની ભારતીય જ છે. (આપણી સાથે જ આઝાદ થયેલા આપણા પાડોશી દેશ માટે પણ આ જ વાત થાય છે. બસ ફરક એટલો કે એમના નાગરિકો, વિશ્વભરનાં આતંકવાદી સગંઠનોના સુકાની છે)

રામની શૂરવીરતા, કર્તવ્ય અનો સિદ્ધાંતો શીખવતી આ ભૂમિ, આખા

વિશ્વને શાંતિનો સંદેશ આપતી મહાવીર અને ગૌતમની આ ભૂમિ. આજે જો આપણે આપણી જાતને પુરવાર કરવા માંગીએ તો બધો જ આધાર મળશે આ ભૂમિ પરથી. બસ પોતાની મહેનત, ખંત, ખમીરને લલકારી, પડકારી આપણી શક્તિને સિદ્ધ કરી, આપણે સૌ આપણા દેશને વધુ ને વધુ ઊંચાઈ પર, શમણાંના એક મુકામ પર લઈ જઈ શકશું. (સોળમી સદીના ફ્રાંસના ભવિષ્યવેતા નૉસત્રાડામસની આગાહી પણ એ જ કહે છે કે ''વિશ્વને એક એવા દેશમાંથી વિશ્વનેતા મળશે, જે દેશનું નામ એક દરિયાના નામ પરથી શરૂ થાય છે''.... ''હમ હિન્દુસ્તાની, હમ હિન્દુસ્તાની'')

***હર ઝર્રા હૈ મોતી, આંખ ઉઠાકર દેખો,***
***માટી મેં સોના હૈ, હાથ બઢાકર દેખો,***
***સોને કી યે ગંગા હૈ, ચાંદી કી યમુના,***
***ચાહો તો પત્થર સે ધાન ઉગાકાર દેખો,***
***નયા ખૂન હૈ, નઈ ઉમંગે, અબ હૈ નઇ જવાની,***
***હમ હિન્દુસ્તાની, હમ હિન્દુસ્તાની...***

આપણી મહેનત, આપણી ખંત માટે એટલું કહેવામાં આવે છે કે આપણે ઈચ્છીએ તો પથ્થર તોડીને પાણી કાઢી શકીએ. બસ ગીતની છેલ્લી કડીઓમાં એ જ ખમીરીની વાત છે. જો ઈચ્છો તો દરેક સંઘર્ષમાં, દરેક મુશ્કેલીમાં, દરેક ''તક''લીફમાં એક ''તક'' છે. સોનાની ગંગા અને ચાંદીની યમુનાની જેમ આપણા માટે નર્મદાના નીર એક નવી ''દિશા'' લઈ આવ્યા છે, જેણે આખા પ્રાંતની ''દશા'' બદલી નાખી છે રણ માટે જાણીતા આપણા કચ્છમાં આજે વિચારી ન શકો એવાં ફળોની ખેતીનો એવો મબલખ પાક થઈ રહ્યો છે, જાણે આ ગીતની કડી આપણા માટે જ લખાઈ હોય. ''ચાહો તો પત્થરસે ધાન ઉગાકર દેખો.''

આજે જ્યારે આપણા દેશની ૨૬ ટકા વસ્તી ૧૪ વર્ષની અંદર છે અને ૬૭ ટકા વસ્તી ૧૫ થી ૬૪ વર્ષની વચ્ચે છે, જ્યારે વિશ્વના સૌથી ''હેપનીંગ દેશ'' તરીકે આપણે યુગ તો હજી શરૂ થયો છે. આ નવા લોહી, નવી યુવાની અને નવા જોમ અને ઉમંગ સાથે ચાલો સૌ સાથે મળી લલકારીએ....

***છોડો કલ કી બાતેં, કલ કી બાત પુરાની,***
***નયે દોર મેં લિખેંગે, મિલ કર નઇ કહાની,***
***હમ હિન્દુસ્તાની, હમ હિન્દુસ્તાની ...***

(આ લેખ ઑગસ્ટના અંકમાં આવ્યો હોત તો મજા આવી હોત, પણ આ લેખ ૧૫ ઑગસ્ટની વહેલી સવારે લખાઈ રહ્યો છે, એ પણ એક આનંદની વાત જ છે)

- રતાડિયા ગણેશવાલા
મો. ૯૮૯૨૮ ૧૫૩૬૭

# પ્રાગમહેલ-આર્કાઇવ- ગ્રંથસંગ્રહાલય પરિચય

✻ દલપતરામ દાણીધારિયા ✻

આર્કાઇવ શબ્દ એટલો પરિચિત કે સર્વસામાન્ય શબ્દ નથી. એનું ગુજરાતી થાય છે, અભિલેખાગાર. એ સમજવા, વળી આપણે ભગવદ્ગોમંડલ જેવો ગુજરાતી શબ્દકોશ જોવો પડે, પણ આર્કાઇવનો અર્થ થાય છે, જૂના વખતના અગત્યના કાગળિયા, નોંધો, રેકોર્ડ્સ, દસ્તાવેજ સાચવવાની જગ્યા અને તેમાં કાગળિયા સિવાય પણ જૂના જમાનાની નાની-મોટી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે.

૨૩ માર્ચ, ૨૦૧૫ થી દરબારગઢ ભુજમાં, મહારાઓ શ્રી પ્રાગમલજી ત્રીજાની સૂચના અને મંજૂરીથી ગ્રંથસંગ્રહાલય આર્કાઇવ્ઝની શરૂઆત કરવામાં આવી છે. ટીલામેડીની બાજુમાં પ્રાગમહેલમાં ગ્રાઉન્ડ ફ્લૉર ઉપર ગાયત્રી યજ્ઞ સાથે શુભ શરૂઆત થયેલ. આ ગ્રંથસંગ્રહાલયને એપ્રિલ, ૨૦૨૨માં સાત વર્ષ પૂરાં થયાં. તેને વધુ હેતુલક્ષી બનાવવા ''કચ્છ અભ્યાસ કેન્દ્ર'' એવું નામ આપવામાં આવ્યું હતું.

આમ તો દરેક રાજમહેલમાં રાજવીઓની અંગત લાઇબ્રેરીઓ હોય છે. કચ્છના રાજવીઓમાંથી વિજયરાજસિંહજી (૧૮૮૫-૧૯૪૮)ને વાંચવાનો ખૂબ શોખ હતો. તેઓશ્રીની અંગત લાઈબ્રેરી પ્રાગમહેલ પૅલેસના ઉપરના માળે હતી, જેમાં ૧૦૦૦થી વધુ પુસ્તકો હતાં. જેની સાથે મહેલમાં જુદીજુદી જગ્યાએ સંગ્રહાયેલાં જૂનાં મેગેઝિનો, નામાના ચોપડાઓ, જાહેરાતનાં ચોપાનિયાં, કેટલોગો, છાપાં, ફોટાઓ, નકશાઓ અને ટાઈપ કરેલા કેટલાક કાગળો અને પત્રવ્યવહારનાં છૂટાં પાનાં પણ હતાં. આ બધું સાચવવાનું, અલગ તારવવાનું, મૂકવા, સંભાળવાનું મારાં રસ-રુચિનું કામ મને મળ્યું. પ્રથમ એક વરસ જેટલો સમય તો મને બધું જોવામાં અને જુદાજુદા વિભાગોમાં અલગ કરીને મૂકવામાં લાગ્યો. ૨૦૦૧ના ભૂકંપમાં એ લાઈબ્રેરી રૂમની અગાસીમાં તિરાડ પડવાથી, પાણી અને ડેબ્રિજથી મોટા ભાગના ચોપડાઓ-કાગળિયાઓનો નાશ થયો હતો, પણ જે કાંઈ બચ્યું તે, એ વખતે સંભાળ રાખનારા મહેલના મૅનેજરોએ જેટલું સચવાય તેટલું અલગ કરી ટેબલો ઉપર અને કબાટમાં સાચવી મૂક્યું હતું.

અહીંથી કેટલીક હસ્તપ્રતો પણ મળી છે. અહીંયાં છે એ પુસ્તકોનો સમયગાળો એંશીથી લઈને સાડા ત્રણસો વર્ષ પહેલાં સુધીનો છે. મોટા ભાગનાં પુસ્તકો અંગ્રેજીમાં, પછી ગુજરાતીમાં અને થોડાં પુસ્તકો હિન્દી-મરાઠીમાં છે. અમુક હસ્તપ્રત વૃજ ભાષામાં અને ઉર્દૂ ભાષામાં પણ છે. જૂનાં છાપાં, જૂનાં પુસ્તકો,

જે એ વખતમાં છપાતાં એની તવારીખ અહીંથી મળે તેમ છે. ગુજરાતી ભાષાનાં અલગ બીબાં નહોતાં અને નાગરી લિપિમાં પુસ્તકો છાપવામાં આવતાં તેવા પણ છે. અમુક લીથોગ્રાફ પ્રિન્ટમાં છપાયેલાં પુસ્તકો પણ છે. કચ્છનું જૂનું રાજ્યપત્ર છાપું, અંગ્રેજી ભાષાનું ક્લાસિકલ સાહિત્ય જેમાં નૉવેલ્સ, ટ્રાવેલબુક્સ, વિવેચનો, પ્રવચનો, જે યુરોપમાં છપાયેલ છે તે અહીં છે. બુકમાં છપાયેલા નકશાઓ, યુદ્ધ વખતે નકશાઓ સાથે બહાર પડતાં પુસ્તકો, રાજસ્થાન-ઉત્તર પ્રદેશના રાજા રજવાડાના મૅગેઝિનો, મુંબઈ કોલકાતાથી બહાર પડતાં છાપાં, ૧૮૦૦ની સાલના જૂના નકશાઓ જેની હાલત ખૂબ ખરાબ છે તે અહીં છે.

કચ્છના ઈતિહાસના સાક્ષી ગણાય તેવા રાણીવાસના નામાના ચોપડાઓ છે, જેમાં સાચો ઈતિહાસ મળશે. તે બધા આ ગ્રંથસંગ્રહાલયમાં છે. પાઈએ પાઈનો હિસાબ લખાયેલો છે. એમાંથી નામો, તારીખો, પ્રસંગો મળશે જે હજુ શોધવાના બાકી છે. બ્રિટિશ ટાઈમમાં ભારતના રાજાઓનું મંડળ બનાવી ચર્ચા-વિચારણા કરી નિર્ણયો લેવામાં આવતા તેનું નામ ચેમ્બર ઑફ પ્રિન્સેસ ઉર્ફે નરેન્દ્ર મંડળ હતું. તેની મોટા ભાગની ટાઈપ કરેલી મિટિંગની મિનિટનો સંગ્રહ અહીં છે. જાહેરાતના કેટલોગ્સમાં નાની પિન થી મોટી તોપ કે વિક્ટોરિયા ગાડીનાં ચિત્રો સાથે કેટલોગ્સ છે. કચ્છમાં છપાયેલાં જૂનાં પુસ્તકો, મુંબઈમાં, મહારાષ્ટ્રમાં, કરાંચી કે રંગૂનમાં છપાયેલા અને કચ્છ વિશેનાં પુસ્તકો છે. એ વખતે અંગ્રેજી માધ્યમમાં ભણવામાં આવતી ટેક્સબુક્સ આ બધું અહીંયાં જોવા મળે છે.

ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર, પર્યાવરણ, જ્ઞાતિ-જાતિની વિગતો, ભાષાઓ, લિપિ, સાહિત્ય, વિજ્ઞાન અને એ વખતનાં જૂનાં મૅગેઝિનમાં છપાયેલ સાંપ્રત લેખો દ્વારા સો વર્ષ પહેલાંનો લેખિત ચિતાર અભ્યાસુઓને મળી શકે તેમ છે. પી.એચડી.ના વિદ્યાર્થીઓ-સંશોધકોને કચ્છના સંદર્ભમાં જૂના આધારો શોધવા માટેનો આ વિશાળ સંગ્રહ છે. અહીંયાં જિજ્ઞાસુઓ આવીને બેસી અભ્યાસ કરી શકે તેમ છે. કૉલેજો યુનિવર્સિટીઓ અને પી.એચડી.ના ગાઈડો સુધી આ સંગ્રહની વાત હજુ પહોંચી નથી તે પહોંચાડવાની જરૂર છે.

ગ્રંથસંગ્રહાલય ઉપરાંત કચ્છના અભ્યાસ અને માહિતી કેન્દ્રમાં અહીં જે સંગ્રહ છે તે ઉપરાંત કચ્છ પ્રદેશને લગતી ૩૦થી વધુ બાબતો અંગેની માહિતી જ્યાંથી પણ મળે, જે સ્વરૂપમાં મળે તે શોધીને અહીં સાચવી રાખવામાં આવે છે. ૧૯૪૭ પહેલાંના રાજવી સમયના અંતિમ સમયગાળાના તેમ જ આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાંનાં છાપાં, મેગેઝિનો, પુસ્તકો, માહિતી-પત્રિકાઓ, જૂના ફોટોગ્રાફ્સ, નકશાઓ, પત્ર-વ્યવહાર અને વ્યવહારમાં લેવાતી અત્યારે આઉટ ડેટેડ થઈ ગયેલી છાપેલી કે લેખિત તમામ સામગ્રી ભૂતકાળના કચ્છ સર્વાંગી અભ્યાસ માટે ઉપયોગી નીવડે તે હેતુથી સાચવી રાખવાનું કામ થઈ રહ્યું છે.

અહિંયાં ૮૦ થી ૩૫૦ વર્ષ પહેલાંનું જે સાહિત્ય છે, તેમાં ૧૦૦૦+ નંબરવાળી બુક્સ, ૫૦૦+ નંબર વિનાની બુક્સ, ૩૦૦થી વધુ મેગેઝિન્સ, ૧૦૦૦થી વધુ પત્રો, ૫૦૦થી વધુ નામાના ચોપડા, ૨૦૦૦થી વધુ છૂટાં પાનાં, ૦૩૫થી વધુ હસ્તપ્રતો ૭૦૦થી વધુ જૂનાં ફોટોગ્રાફ્સ, ૧૦૦થી વધુ ઇ. બુક્સ, ૭૦થી વધુ ઝરોક્ષ બુક્સ, ૧૦૦થી વધુ નકશાઓ, ૨૫થી વધુ જૂનાં છાપાં, જૂનાં કાર્ડઝ/પોસ્ટેજ કવર્સ-કેલેન્ડર્સ-પંચાગ-ઍડ્વર્ટાઇઝ-કેટલોગ-ચોપાનિયાં, ટાઇપ કરેલી મિટિંગ-મિનિટ્સ વગેરે છે.

વિતેલો સમય પાછો તો મળી શકે તેમ નથી, પણ કચ્છ પ્રદેશના ઈતિહાસની, ભૂગોળની, સમાજશાસ્ત્રની, વ્યપાર-ધંધાની, રોજગારની, રીત–રિવાજોની, જ્ઞાતિ-જાતિની, જગ્યાઓની અને સ્થળોની શક્ય તેટલી માહિતી એકત્ર કરી સાચવી રાખવામાંઆવે છે, જેથી અત્યારની પેઢીને અને આવતી પેઢીને પોતાના મૂળ શોધવામાં અને સત્ત્વ-તત્ત્વનો અભ્યાસ કરવામાં કામ આવે.

**આર્કાઇવ ગ્રંથસંગ્રહાલય, દરબારગઢ ભુજમાં ચાલતી અન્ય પ્રવૃતિઓ:**

**૧) મારા વિસ્તારનાં સ્મારકોની સંભાળ હું રાખીશ:**

દરેક જાગૃત નાગરિક અને દેશપ્રેમી સહજ રીતે કરી શકે તેવી એક સાઇલન્ટ ઝુંબેશ ચાલુ છે.

**૨) ભુજમાં પ્રવાસીઓને જોવામાં રસ પડે તેવાં સ્થળોની યાદી:**

ભુજ શહેરમાં જ ૫૦થી વધારે જોવા જેવાં સ્થળો છે જેની રસ ધરાવતા સૌને ખબર હોવી જોઇએ તેની વિગતો છે.

**૩) કચ્છ અભ્યાસ સંશોધન મંડળ (કે.એસ.આર.જી) પરિચય:**

છેલ્લાં ૪-૫ વર્ષથી કચ્છના કોઈ પણ એક કે બે મુદ્દાઓ પર જેમનો ઊંડો અભ્યાસ હોય અને પોતાના રસ-રુચિથી રૂટિન વ્યવસાય કે નોકરી-ધંધા સિવાયના સમયમાં માહિતી એકત્રીકરણ અને સંશોધન કરી રહ્યા હોય તેવા ૨૫થી વધારે યુવા મિત્રો ભાઇ-બહેનોનું એક અનૌપચારિક સંગઠન બનાવવામાં આવ્યું છે, જેમને મહારાવશ્રીએ અને મહારાણી સાહેબાએ અવકાર્યું છે. તેઓની કામગીરી રસપ્રદ અને જાણવાજોગ છે.

**૪) ભુજ હેરિટેજ વૉક ચાલુ છે:**

ભુજના સાંસ્કૃતિક વારસાસમા ઐતિહાસિક સ્થળો અને જગ્યાઓની માહિતી સાથે વિદ્યાર્થીઓ અને શિક્ષકો અને પ્રવાસીઓને પોતાના સમયને અનુરૂપ પરિચય કરવા માટેની વ્યવસ્થા ચાલુ કરવામાં આવી છે, જેમાં ચાર પ્રકારની સુવિધા છે. અર્ધો દિવસ, આખો દિવસ, દોઢ દિવસ અને મોબાઇલમાં ક્યુઆર કોડ સ્કેન કરીને અનુકૂળતા મુજબ.

**૫) જે તે જગ્યાએ જઈને ભુજનો ઇતિહાસ ભણાવો:**

વિદ્યાર્થીઓ અને શિક્ષક માટે ભુજનો ઇતિહાસ જેતે જગ્યાએ જઇને ભણાવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

**૬) ચાલો પાળિયા નોંધીએ:**

એક અનુમાન મુજબ કચ્છમાં ત્રીસ હજારથી વધુ પાળિયાઓ છે. પાળિયા અને શિલાલેખો એ ઈતિહાસના લેખન માટેના મુખ્ય આધાર છે. ચાલો પાળિયા નોંધીએ નામનું એક અભિયાન છેલ્લાં ત્રણેક વર્ષથી ચાલુ છે જેમાં દરેક જાગૃત નાગરિક, વતનપ્રેમી વ્યક્તિ કચ્છમાં આવેલ કોઇ પણ જગ્યાએથી પાળિયાના લખાણવાળા ભાગનો ખાસ ફોટો પાડીને અહીં મોકલાવે તે સાચવી રાખવામાં આવે છે.

**૭) કલ્ચરલ હેરિટેજ પ્લાન પરિચય ઝલક:**

સાંસ્કૃતિક વારસો (હેરિટેજ) એટલે ફક્ત મકાન કે જગ્યાઓ જ નહીં પરંતુ જેતે જગ્યાનું જીવંત પરંપરાઓ સાચવી રાખતું વાતાવરણ. ભુજમાં હમીસર તળાવની આજુ-બાજુ કાયમી આવું વાતાવરણ જોવા-જાણવા–અનુભવવા મળે તે માટેનું એક આયોજન વિચારવામાં આવ્યું છે.

**૮) અક્ષરની આસપાસ :**

કચ્છમાં આજ સુધી મળી આવેલા અક્ષરો, લિપિઓ લખાણોનું એક પ્રદર્શન આર્કાઇવમાં રાખવામાં આવ્યું છે.

**૯) કચ્છને વિશેષ ઓળખો :**

વન રૂમ એક્ઝિબિશનનું એક મૉડેલ કચ્છની દરેક સ્કૂલમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોની મદદથી બનાવવામાં આવે અને તે અભ્યાસની પ્રક્રિયારૂપે જ નિર્માણ થાય તેવી કોશિશ ચાલુ છે.

જૂના પુસ્તકો ઉપરાંત કચ્છ સંદર્ભનું તમામ સાહિત્ય જ્યાંથી પણ મળે ત્યાંથી મેળવીને અહીં સાચવી રાખવાનું કામ થઈ રહ્યું છે. કચ્છ અને કચ્છ બહાર વસતા વતનપ્રેમી નાગરિકોની અપીલ છે કે કચ્છને લગતું જૂનું કંઈ પણ સાહિત્ય, લખાણ, ફોટાઓ, ચિત્રો, માહિતીઓ, વાતો આપની પાસે હોય તો અહીં આપવા વિનંતી. તમે આપેલ સાહિત્ય તમારા નામ સાથે સાચવી રાખવામાં આવશે. Pragmahalpalace@gmail.com અને ddanidharia@gmail.com પર આપ માહિતીની વિગતો મોકલી શકશો. કચ્છ વિશે જાણવા ઉત્સુક, અભ્યાસુ સંશોધક, સર્વ કોઇને આવકાર છે. જ્ઞાન-માહિતીની આપ્-લેમાં સહયોગી થવા નિમંત્રણ છે.

કચ્છને લગતું દર્શાવેલ બાબતોનું સાહિત્ય અહી સંગ્રહ કરવામાં આવે છે. જેથી ભાવિ પેઢીને કામ આવે.

શોધીએ, મેળવીએ, સાચવીએ,
પ્રાગમહેલ, દરબારગઢ
ગ્રંથસંગ્રહાલય-ભુજ,
વ્યવસ્થાપક સંપર્ક : ૮૨૩૮૨ ૦૯૭૧૮, ૮૭૮૦૦ ૫૧૨૩૮

# મનમોહક મહિમાપુર - નવાબોનું નજરાણું મુર્શિદાબાદ

જ્યોતિ મોતા

*ગતાંકથી આગળ ચાલુ....*

મુર્શિદાબાદમાં દાખલ થતાં રિક્ષા છેક જગતશેઠના સંકુલમાં આવીને ઊભી રહી. હું ત્યાં ઊતરી. સૌપ્રથમ જૈન મંદિરમાં જઈ દર્શન પૂજા કર્યાં.

**શ્રી મહિમાપુર તીર્થ - મુર્શિદાબાદ**

**મૂળનાયકઃ શ્રી પાર્શ્વનાથ ભગવાન** શ્યામવર્ણ પદ્માસનસ્થ.

**તીર્થમહિમાઃ** ગંગાકિનારાથી થોડાક ઉપરના ભાગમાં સ્થિત આ જિનાલયમાં નાગફણાથી આવૃત્ત કસોટીની પ્રતિમા જે અત્યંત મનમોહક છે. આ પ્રતિમા વિદેશી કસોટીના પાષાણથી જગતશેઠ દ્વારા બનાવવામાં આવી હતી. આ જિનાલય પહેલાં જગતશેઠ દ્વારા ગંગાકિનારે બનાવવામાં આવ્યું હતું. ગંગા નદીમાં પૂર આવી જવાથી આ મંદિરનો સ્થળાંતર કરી મહિમાપુરમાં બનાવવામાં આવ્યું. સંવત ૧૯૭૫માં ફરી એ જ પાષાણથી તેમના વંશજ શ્રી સૌભાગ્યમલજી દ્વારા નવા બનાવેલા જિનાલયમાં નવી પ્રતિમાજી સ્થાપિત કરાયા. આગળ ખુલ્લા પ્રાંગણમાં મોગલ સ્થાપત્ય શૈલી અને પશ્ચિમ બંગાળની અનોખી છાંટવાળું ધવલ જિનાલય શોભી રહ્યું છે. અહીં રહેવાની સગવડ છે, પણ ભોજનશાળા નથી.

**જગતશેઠની જાહોજલાલી.**

દર્શન-પૂજા કર્યા બાદ મારી પાસે જગતશેઠ વિશે જાણવા-સમજવા થોડો જ સમય હતો. જિનાલયની બાજુમાં જગતશેઠની જાળી હતી, (ઘર-સંપત્તિ) આખું સંકુલ જગતશેઠની નિજી સંપત્તિ છે જે હવે સરકારને સોંપી દેવાઈ છે. જિનાલયની પાસે જ અંગ્રેજી ઢબનું પરદેશી છાંટવાળું સફેદ રંગનું જગતશેઠનું વિશાળ મકાન છે. એની બાજુમાં જ ભૂલભુલૈયા અને ભોંયરા જેવું બીજું ઘર પણ જગતશેઠનું જ છે. આ ઘર જોયા બાદ તરત ખ્યાલ આવી ગયો કે આનો ઉપયોગ સુરક્ષા માટે થતો હશે. ઘરની અંદર ગલીઓ અને એ પણ સાંકડી અને ભોંયરા જેવી. અહીં એમના અને પરિવાર દ્વારા વપરાતી કીમતી વસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. એ પાર કર્યા બાદ એક લાંબા વિશાળ ઓરડામાં રાજાના મહેલોમાં હોય તેવાં હથિયારોનો મોટો સંગ્રહ જોયો! જૈન શેઠ અને હથિયાર? આ પ્રશ્ન થવો સ્વાભાવિક હતો. ભાલા, તલવારો, બંદૂકો, બખ્તર, રાઇફલ ઈત્યાદિ. ત્યાંથી આગળ વધતા ત્યાં તેમનાં

ભીંતચિત્રો જોતાં તેમની સંપત્તિ, નવાબો અને અંગ્રેજો સાથેના તેમના સંબંધોનો ખ્યાલ આવતો ગયો. તે સમય તેઓ જૈનોના સમર્થ, સંપન્ન અને નામાંકિત વ્યક્તિ હતા. એક સમયમાં ઘણા મારવાડી જૈન પરિવારો પશ્ચિમ બંગાળમાં વ્યાપાર અર્થે આવ્યા અને પછી અહીં જ વસી ગયા. ગૂગલમાંથી અને પેઢી પરથી ઘણા લોકોના મુખે આ જૈન પરિવારો વિશે પછીથી ઘણું વાંચ્યું અને સાંભળ્યું.

જગતશેઠ મારવાડી જૈન પરિવારના હતા. મહતાબ સ્વરૂપચંદ તેમનું નામ હતું. બુદ્ધિ, કલા, કૌશલથી તેઓ નવાબોના ખજાનચી (બૅન્કર) બન્યા. જગતશેઠની ઉપાધિ તેમને નવાબો દ્વારા આપવામાં આવી. જગતશેઠ એટલે દુનિયાના ધની વ્યાપારી. તેઓ બંગાળની ટંકશાળ અને રાજકોષની દેખભાળ કરતા હતા. તેઓ એક ધર્મવાન પુરુષ પણ હતા. અંગ્રેજ શાસકોને તેઓ નાણાં ધીરતા હતા. રાજકાજમાં નવાબોના અંદરના કાવતરાનો તેઓ ભોગ બન્યા.

મુર્શિદાબાદ સિવાય કોલકાતા અને સમેતશિખરમાં પણ એમણે જિનાલયો બનાવ્યાં છે. તેઓ આ શહેર સિવાય પણ ઘણી જગ્યાએ જૈનોના આગેવાન અને ટ્રસ્ટી હતા. આ ચાર શહેરોની જાહોજલાલી અને જગતશેઠ વિશે થોડીઘણી માહિતી મેળવ્યા બાદ મારો પશ્ચિમ બંગાળ વિશેનો અભિપ્રાય તદ્દન બદલાઈ ગયો. હમણાં સુધી હું ગુજરાત, રાજસ્થાન, દક્ષિણ ભારતને જ જૈન સંપ્રદાયનાં પ્રમુખ મથકો માનતી હતી. અહીં આવ્યા બાદ ખબર પડી કે જૈનોનો પરચમ તો આખા ભારતમાં લહેરાતો હતો.

**પશ્ચિમ બંગાળમાં જૈનોનું આગમન અને યોગદાન.**

મુર્શિદાબાદ (મહિમાપુર) ૧૮મી સદીમાં પશ્ચિમ બંગળાની રાજધાનીનું શહેર હતું. મુર્શિદ કુલીખાન (murshid quli khan) દ્વારા આ શહેરની સ્થાપના થઈ. ૧૯મી સદીમાં બંગાળમાં નવાબી શાસન વખતે આ સ્થળો વ્યાપાર-વાણિજ્યનાં ધમધમતાં પ્રખ્યાત મથકો બન્યાં. અનેક જૈનો અન્ય રાજ્યોથી સ્થળાંતર કરી અજીમગંજ, જીયાગંજ, કાઠગોલા અને મહિમાપુર આવી વસ્યા. આ ચારે શહેરો જૈન સમુદાયનાં કેન્દ્રો બન્યાં. કહેવાય છે કે ફક્ત અજીમગંજમાં સાડા પાંચસો જૈનોનાં ઘર હતાં. અહીં ડઝનથી વધારે જૈન શ્રેષ્ઠીઓ એવા હતા કે જેઓ અંગ્રેજોને નાણાં ધીરતા હતા.

અજીમગંજ, જીયાગંજના જિનપ્રાસાદો, કાઠગોલાનાં મહેલો અને મંદિરો, મહિમાપુરમાં જગતશેઠની હવેલીઓ, મંદિરો, સંગ્રહાલય જોયા બાદ સહજ સમજાઈ જાય કે જૈનનું વર્ચસ્વ કેવું અને ક્યાં સુધી પહોંચેલું હતું. આ ચારે શહેરોમાં વેપાર અર્થે આવેલ આ જૈન શ્રેષ્ઠીઓ પોતાના બુદ્ધિકૌશલથી અને

ધાર્મિકતાથી બંગાળના ઇતિહાસના મુખ્ય પાત્ર બની ગયા. અંગ્રેજોનાં લખેલ પુસ્તકોમાં પણ આ શ્રેષ્ઠીઓનું વર્ણન છે.

જૈન મારવાડી સમુદાયમાં પાંચ પ્રમુખ ગોત્ર ગણાય છે - દુગડ, દુધોરિયા, નાહર, કોઠારી અને નાલાખાસ. આ શ્રેષ્ઠીઓ જમીનદાર હતા અને અહીં તેઓ બાબુઓ તરીકે ઓળખાતા હતા. અહીં તેઓએ જિનપ્રાસાદો અને ધર્મશાળાઓ બનાવ્યાં. મંદિરોના જીર્ણોદ્ધાર કર્યા. ગંગાના બંને કિનારે સ્થિત અજીમગંજ-જીયાગંજમાં ૧૪ જિનાલયો હતાં અને હમણાં પણ છે. અહીંનાં જિનાલયોની સ્થાપત્યશૈલી ઈન્ડો-મુઘલ છે. મુસ્લિમ અને યુરોપિયન શૈલી સાથે જૈન વાસ્તુકલાનો સમાવેશ પણ કરવામાં આવેલ છે. સંવત ૧૭૫૦માં જૈન મુનિ સૌભાગ્ય વિજયજીએ અહીંની સમૃદ્ધિનું વર્ણન કરેલ છે. પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર ગંગા કિનારે આવેલ આવાં સમૃદ્ધ શહેરોને અને તીર્થોને જોવાનો-દર્શન કરવાનો અમૂલ્ય લહાવો મને મળ્યો. મારા માટે આ રોમાંચક અનુભવ હતો.

**મુર્શિદાબાદના નવાબી ઠાઠ.**

નવાબોનું આ શહેર પર્યટક સ્થળ બની ગયું છે. દિવસો નાના હોવાથી સમયની ખેંચ પડી રહી હતી. નવાબી ઈમારતો અને વિરાસતોને પૂરી રીતે ન જોઈ શકી. અમુક જગ્યાઓ જોવાની રહી ગઈ.

**હજારદોઢી પૅલેસ - (બડી કોઠી-બારા કોઠી)**

નવાબના કિલ્લા પરિસરમાં આ સ્થળ આવેલ છે. દોઢીનો મતલબ હજાર દરવાજા! તેમાંના સો દરવાજા ખોટા હતા. મહેલની અંદર કોઈ ખોટું કામ કરે કે કાવતરું કરે તો આ ખોટા દરવાજા દ્વારા કાવતરું કરનાર પકડાઈ જાય. આ મહેલ ઈ. સ. ૧૮૨૪માં નજીમ હુમાયું ઝા દ્વારા બનાવવામાં આવ્યું છે. એ બંગાળ, બિહાર અને ઓરિસ્સાના નવાબ હતા.

આ મહેલની સ્થાપત્યશૈલી ઈટાલિયન ગ્રીક છે. યુરોપિયન પુતળાં-મૂર્તિઓ પણ વિદેશી સ્થાપત્યની સાક્ષી પૂરે છે. આ બધી કલાકૃતિઓ જોવાલાયક છે. આ મહેલના આર્કિટેકટ ડંકન મેકલીઓડ હતા. ઈ.સ.૧૯૮૫માં આ મહેલ ભારતીય પુરાતત્ત્વ વિભાગને સોંપી દેવામાં આવ્યો. આ પરિસરની અંદર નિઝામત ઈમામબાડા, સિયા કોમપ્લેક્ષ, મુર્શિદાબાદ ક્લોક ટાવર, મદીના મસ્જિદ, ઝુરુ મસ્જિદ, વાસીક મસ્જિદ, ચૌક મસ્જિદ આવેલી છે. આ ભારતનો સૌથી મોટો ઈમામબાડો છે. આ મહેલમાં અમૂલ્ય ચિત્રો, પ્રાચીન વસ્તુઓ, નવાબો દ્વારા વપરાતા સાજસરંજામ મૂકવામાં આવે છે. આ મહેલમાં ૨૦ દીર્ઘાઓ છે. ૪૭૪૨ પૂરા અવશેષો છે જેમાંથી ૧૦૩૪ અવશેષો જનતા માટે

ખુલ્લા મૂકવામાં આવ્યા છે. પર્યટકોમાં આ સ્થળ નિજામત કિલ્લો-કિલ્લા નિજામત વગેરે નામથી ઓળખાય છે. સમયના અભાવે આ કિલ્લો હું જોઈ ન શકી.

### નશીપુર રાજવાડી

અંગ્રેજોના જમાનામાં ડેલીસિંઘ નામનો નવાબ થયો. એની વિરાસત પણ જોવાલાયક છે. આ રાજવાડીમાં લક્ષ્મીનારાયણ અને કાલી મંદિરો જોવાલાયક છે. પ્રખ્યાત નૃત્યકારા અહીં આ નાટકમંદિરમાં ડેલીસિંઘ માટે નૃત્ય કરતા.

કાઠગોલા અને મુર્શિદાબાદ જોવા માટે આખો દિવસ જોઈએ. જગતશોઠની વિરાસતો સિવાય મને વધુ કંઈ ખબર ન હોવાથી અહીં સમય ઘણો ઓછો પડ્યો. ફક્ત દોઢ કિલોમીટરના દાયરામાં જેટલું મને જોવા જેવું મળ્યું તે જોઈ પાછી ફરી.

### ગંગાના સથવારે રમણીય સાંજ

ભૂખ તો ખૂબ લાગી હતી. અજીમગંજ પહોંચું તોપણ જમવાનું મળે તેમ ન હતું. જૈન ભોજનશાળામાં સૂર્યાસ્ત પહેલાં ૪૫ મિનિટમાં જમવાનું આટોપી લેવાય. હું પહોંચું તોપણ ભોજનશાળા બંધ થઈ ગઈ હોય. સાથે લાવેલ ફળ અને નાસ્તો રિક્ષામાં ખાઈ લીધાં. મુર્શિદાબાદથી કાઠગોલા અને કાઠગોલાથી ફરી બીજી રિક્ષામાં જીયાગંજ આવી. અહીંથી ગંગાઘાટ માટે ત્રીજી રિક્ષા કરી. અંધારું ઘેરાતાં બંને ઘાટના કિનારા શાંત, સૌમ્ય, રમણીય લાગી રહ્યાં હતા. સામો કિનારા પર રોશનીનું પ્રતીબિંબ ગંગાના જળમાં સુંદરતા વેરી રહ્યું હતું. ગંગા કિનારેથી મંદમંદ વહેતો પવન આલ્હાદક અહેસાસ કરાવી રહ્યો હતો.

મને ઓરડે જઈ સૂવા સિવાય બીજું કોઈ કામ ન હતું. એટલે હું થોડી વાર ગંગાની ગોદમાં શાંત બેસી રહી. અજીમગંજના આ ઘાટનો પર્યટક ઘાટ બનાવવામાં આવ્યો છે. અહીં અનેક આકર્ષક પુતળાં મુકવામાં આવ્યા છે અને સુશોભન કરવામાં આવ્યું છે. વીજળીના ગોળાઓની રોશની, પર્યટકોને બેસવા પગથિયાં, બેઠકો, ઘાસની હરિયાળી લોન અને ગંગાનું શાંત વાતાવરણ લોકોને સવાર-સાંજ વિશ્રાંતિસ્થાન પૂરું પાડે છે. શાંતિ, સાધના અને નિરાંત માટે આ જગ્યા ઉત્તમ છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે ગંગાનું લાવણ્ય વધુ આકર્ષક બની જાય છે. આ સુંદર-શાંત, નિસર્ગના ખોળે વસેલા ગામડાના સૌંદર્યને માણવા આવતી કાલનો દિવસ પણ મારી પાસે હતો. અહીં થોડો સમય વિતાવી હું સ્વસ્થાને પહોંચી અને શીતળ-ઠંડી રાતમાં રજાઈમાં ઢબૂરાઈ ગઈ.

ક્રમશઃ

મો.: ૯૯૩૦૫ ૦૮૪૦૭

# પાવનકારી પર્વ પર્યુષણ

✻ હેમા વીરા ✻

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ વર્ષમાં એકવાર આવતો એવો પવિત્ર અવસર છે, જે અનેક પુણ્યશાળી આત્માઓના હૃદયમાં ધર્મની પ્રેરણા જગાડે છે. પર્યુષણ પર્વમાં સાધકોના અંતરમાં શ્રદ્ધા અને ભક્તિભાવનો અભિભાવ થતો હોય છે.

આત્મશુદ્ધિ માટે આત્મનિરીક્ષણ જરૂરી છે. અને આત્મનિરીક્ષણનો અનેરો અવસર પૂરું પાડે છે પર્યુષણ પર્વ. અનાદિકાળથી અડ્ડો જમાવી બેઠેલા દુર્ગુણોને દેશવટો દેવાનો આ પવિત્ર અવસર છે. આવા પુનિત પર્યુષણ પર્વ દરમ્યાન ધર્મધ્યાન કરીએ. આજે દરેક માનવી શારીરિક, માનસિક અને સામાજિક સ્વાસ્થયની ઈચ્છા રાખે છે. આજની વ્યસ્ત જીવનશૈલીમાં પોતાના માટે પણ સમય નથી હોતો તેથી જાધ્યાત્મિક સ્વાસ્થ્યની જરૂર પડે છે, ત્યારે પાવન પર્યુષણ પર્વના આઠ દિવસ આત્માને ઓળખવાની, આત્મધ્યાન કરવાની તક આપે છે.

માનવજીવનની અમૂલ્ય ઘડીઓને પરમાર્થ દ્વારા સાર્થક કરી, આત્મકલ્યાણ દ્વારા પુણ્યનું ભાથું જમા કરવાની તક એટલે પર્યુષણ પર્વ. અંતરયાત્રાના અલૌકિક અનુભવથી અંતરજગતના કષાયોના અંધકારને દૂર કરી પ્રત્યકમળને પવિત્ર પર્વ બનાવી પરમસુખની દિવ્ય અનુભૂતિ કરાવનાર છે પર્યુષણ પર્વ.

પયુર્ષણ એટલે આત્માનું કલ્યાણ કરવાનો મહાઅવસર! પર્યુષણ આવે એટલે વ્યક્તિના અંતરમાં સ્ફૂર્તિ જાગવા લાગે. અંદરથી જ સાધકને પ્રેરણા પ્રગટે કે આ અમૂલ્ય અવસરમાં હું મારાથી બનતી સાધના, તપ, ત્યાગ, દાન, આદિ સત્કાર્યો કરીશ.

પયુર્ષણનો ઉપદેશ છે, હે માનવ! તારું સમગ્ર જીવન અન્યોમાં ધ્યાન આપવામાં ગયું, તું તારી વસ્તુઓ, વ્યક્તિઓ, પરિવાર અને સમાજને ખુશ રાખવામાં, સાચવવામાં સતત મહેનત કરતો રહ્યો, પણ બધાનો ખ્યાલ રાખવાવાળો તું તારી જાતનો ખ્યાલ રાખી ન શક્યો. પર્યુષણની સાધનાનું હાર્દ છે, તું પરમાત્માને સાંભળે, ગુરુને સાંભળે, બધાની વાતોમાં આવી જાય, પરંતુ તું જો તારા અંતરાત્માનો અવાજ નહીં સાંભળે ત્યાં સુધી તારામાં કોઈ પરિવર્તન નહીં આવે.

મનુષ્ય અનંતકાળથી પોતાની જાતને ભૂલવાની અને ન સાંભળવાની ગંભીર ભૂલો

કરતો આવ્યો છે, આ બધો સમય અશાંતિ અને અંધકારમાં વિતાવ્યોપરંતુ આ ભવમાં આગલા ભવના કોઈ પુણ્યોને કારણે કંઈક ગંભીર થઈ વિચારવાનો યોગ થયો છે! તો ક્યાંક સમય આપનારા સદ્‌ગુણોનો સંયોગ પ્રાપ્ત થયો છે. ત્યારે ફરીફરીને એવી ભૂલો કરવા જેવી છે?

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એક અનેરો બોધ આપે છે 'સ્વ'ને ઓળખ અને સાંભળ ને સાચવ. આજે આપણી પાસે સમય છે અંતરાત્માને ઓળખીને એમાં ડૂબકી લગાવીએ.

પારકાને પોતાના તો સ્નેહ, સર્મપણ અને ક્ષમાપનાથી બનાવી શકાય છે. માટે જ કોઈ મહારાજસાહેબે કહ્યું છે...

**પ્રેમના માર્ગને સીમાડા નથી હોતા,**
**દિલને બાંધવા માટે વાડા નથી હોતા,**
**ક્ષમાના પાણી પીવા માટે અવાડા નથી હોતા,**
**હૃદય બળતું હોય ત્યારે ધુમાડા નથી હોતા.**

તમારાથી કોઈનાં મન મુરઝાયાં હશે, દિલ દુભાયાં હશે, અંતર બળ્યું હશે તો પળનો પણ વિલંભ કર્યા વગર તૈયાર થઈ જાવ ને કહી દો.... **મિચ્છામિ દુક્કડમ્.**

**કોઈ થાય આગ તો તમે થજો પાણી.**
**આ છે શ્રવણ ભગવાન શ્રી મહાવીર ની વાણી.**

કોઈ તમને ખમાવે કે ન ખમાવે તેની પરવા કર્યા વગર તમે સામે જઈ ખમાવવાની તૈયારી રાખજો.

પર્યુષણ પર્વ એટલે આત્મદર્શન, આત્મશુદ્ધિ અને ક્રોધ - કડવાશ - કટુતાના રોગથી મુક્ત થવાનો અવસર.

પર્યુષણ આવા તમામ રોગનું નિદાન અને નિર્મૂળ કરતી હૉસ્પિટલ સમાન છે. વેરની ગાંઠનું ઑપરેશન કરાવવા આપણે આ હૉસ્પીટલમાં ચેકઅપ કરાવવું જ રહ્યું.

શાંતચિત્તે એકાગ્રતાથી ક્ષમાપનાના ઑપરેશન દ્વારા દ્વેષની ગ્રંથિ દૂર થાય છે. આ રોગમુક્તિ ચિરંજીવ હોવી જોઈએ. તેને ક્રોધ -માયા-લોભનું ઈન્ફેક્શન ન લાગવું જોઈએ. આ ક્ષમાપના એક એકસીર રસી છે.

પર્યુષણના અનમોલ અવસરે વેરનું વિસર્જન કરી સ્નેહનું સર્જન કરીએ, આપણા અંદરના અહમ્‌ને ઓગાળી દઈએ અને પ્રેમને પસરાવીએ, મનમાં રહેલી કડવાશને જાકારો દઈ શાંતિને આમંત્રણ આપીએ.

વિતેલા વર્ષ દરમ્યાન જાણતા-અજાણતા મારાથી કોઈનું મન દુભાયું હોય તો મન, વચન અને કાયાથી - **મિચ્છામિ દુક્કડમ.**

(ગામ - બેરાજા)
મો. ૯૩૨૨૨૨૨૪૦૦

# સાહિત્ય-અમૃત

આલેખન : ચંદ્રકાન્ત નંદુ

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.

છાયાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે. છાયાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિમાંથી લેવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.<br>(અમૃતા પ્રીતમની આત્મકથા)<br>મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

અમૃતા એક તરસ હતી. ક્યારેક કોઈ પ્રેમનો પ્યાલો એના હોઠોને સ્પર્શીને ઢોળાઈ ગયો. કોણ હતો એ પ્રેમનો પ્યાલો ? સાહિર...

'સુનેહડે' એણે સાહિર માટે જ લખેલ. 'સુનેહડે' માટે એને સાહિત્યનો ઉચ્ચ અકાદમી પુરસ્કાર મળ્યો. આ પુરસ્કારે તો અમૃતાને માથાથી પગ સુધી દઝાડી. અમૃતા કહે છે: ''આ સુનેહડે મેં કોઈ ઈનામ માટે નહોતા લખ્યા - જેને માટે લખ્યા હતા તેણે વાંચ્યા નહીં. હવે આખી દુનિયા વાંચે તોય મને શું અને વર્ષો વીતી ગયાં, સાહિર એની સ્મૃતિમાં જ રહ્યો અને આ સ્મૃતિઓનો ઊભરો ક્યારેક એને ખળભળાવી જતો.'' આવી જ એક રાતે એણે કવિતા લખી :

''તારી સ્મૃતિઓ બહુ સમયથી દેશનિકાલ હતી..........''

એકલતા અમૃતાની જિંદગીને કોરી ખાતી હતી. આ એકલતા એનો કેડો જ ક્યાં મૂકતી હવી. અગિયાર વર્ષની અમૃતાને એકલી છોડીને માતાએ આ દુનિયામાંથી વિદાય લીધી. પિતા સંસારથી વિરકત હતા. ધાર્મિક રંગે રંગાયેલા પિતાનું જીવન સાધુ સમું હતું. કઠોર સ્વભાવના પિતાએ દીકરીને સંયમિત માહોલમાં જ ઉછેરી હતી. સોળ વર્ષની અમૃતાનાં લગ્ન પ્રીતમસિંગ સાથે થાય છે, પણ જિંદગીની ઘરેડ તો એ જ રહી. મધ્યમ વર્ગની રૂઢિગત રહેણીકરણીમાં અમૃતાનું જીવન એક બીબાંઢાળ પ્રવાહ બની વહેતું રહ્યું.

આવી એકલતાભરી જિંદગીએ જે દર્દ અમૃતાને આપ્યું તે એ ચૂપચાપ સહેતી રહી. અમૃતા તૂટી નહીં. એની મનોવેદના એના સર્જનની વાટે વ્યક્ત થતી રહી.

અમૃતા કોઈ સાધારણ સ્ત્રી ન હતી. એ એક બુદ્ધિશાળી સર્જક હતી. અને આવી એકલતાભરી જિંદગીમાં, એના મનોવિશ્વમાં, એનાં  સપનાંઓમાં કોઈક તો હતું. એનાં સપનાંનો સાથી એને સાહિરમાં મળ્યો.

અમૃતાને સાહિર માટે ઉત્કટ પ્રેમ હતો, પરંતુ સામી તરફ સાહિર માટે આવું કહી શકાય એમ નથી. એનો અહેસાસ કદાચ અમૃતાને છે.

સાહિરનો અમૃતા માટેનો પ્રેમ તો અંત સુધી રહ્યો. તો શું સાહિરની જિંદગીમાં અન્ય કોઈ આવે છે ?

સાહિરની આ સ્થિતિ કદાચ એની કૌટુંબિક સ્થિતિને કારણે પણ હોઈ શકે.

અમૃતાનો સાહિર માટેનો પ્રેમ કોઈ પ્રચલિત રૂઢિગત પ્રેમ નથી. એનો પ્રેમ રૂઢિગત, દુન્યવી પ્રેમની સીમાઓ પારનો પ્રેમ હતો. આ પ્રેમને વ્યાખ્યાયિત કરી ન શકાય. એનો તો કેવળ અહેસાસ હોય.

सिर्फ एहसास है, ये रूहसे मेहसूस करो,
प्यार को प्यार ही रहने दो, कोई नाम न दो।

અમૃતા અને સાહિર બન્ને મહાન સર્જક હતાં. અને બન્નેને એકબીજાંનાં આ સર્જન માટે અપાર આદર હતો. એમાંથી જ એમના આ પ્રેમનો જન્મ થયો હશે. દુન્યવી, રૂઢિગત પ્રેમનાં સમીકરણોમાં એમના પ્રેમને બાંધી ન શકાય. આવાં સમીકરણોની પારનો આ પ્રેમ કેવળ પ્રેમ હતો.

બે અત્યંત મેધાવી સર્જક પ્રતિભાઓ જ્યારે એકબીજાની નજીક આવે છે ત્યારે સ્વાભાવિકપણે એ પરસ્પરના પ્રેમમાં પડે છે. (જોકે, આજે તો આપણે આવી પ્રતિભાઓ વચ્ચે ઈર્ષાભાવ જાગતો હોવાનું અનુભવીએ છીએ) કદાચ અમૃતા અને સાહિરનાં સર્જનની ઊંચાઈએ પહોંચવાની ક્ષમતા આજના સર્જકોમાં છે જ નહીં. અમૃતા માટે તો સાહિર એક કલમનો જાદુગર છે. અમૃતા એના સામાન્ય લગ્નજીવનમાં એક ગુંગણામણ અનુભવતી હતી. એનો પ્રેમ એક મુક્ત આકાશની તલાશમાં હતો. એક અસીમ મનોકાશ. અમૃતા સાહિર માટે લખે છે:

तुम्हारे दरख्तकी टहनीका जो आशरा मिला,
मेरे तूटे हुए दिलका परिन्दा वहीं रूक गया।

પરંતુ... પરંતુ અમૃતા-સાહિરના આ પ્રેમને માટે કોઈ મુકામ છે જ નહીં. આ પ્રેમ એક એવી નદી છે જેના બન્ને કિનારા ક્યારેય મળવાના નથી.

અમૃતા સાહિરને અંતિમ વખતે મળી ત્યારે સાહિરને હાથોહાથ આપેલા એના પત્રમાં લખે છે:

मैंने तूटके प्यार किया तुमसे,
क्या तुमने भी उतना किया मुझसे ?

આ શબ્દોમાં છુપાયેલી વ્યથા શબ્દોમાં કેમ સમાય ? એનો અહેસાસ તો કોઈ અમૃતાને જ થઈ શકે.

આ આખરી મુલાકાત હૃદયસોંસરવી ઊતરી જાય છે, અને એક આહ્ નીકળી જાય છે. અહીં એક એવો પ્રેમ છે જેનાં બન્ને પાત્રો એક અલૌકિક કડીથી જોડાયાં છે. છતાં એમની નિયતિમાં અલગ થવું જ નિર્મિત છે.

આ આખરી મુલાકાત અમૃતાની પ્રિય મિત્ર ફહમીદા રિયાઝ એના એક લેખમાં વર્ણવે છે. ફહમીદાની કલમમાં...

જુદા પડતી વખતે સાહિરે એની કાવ્યમય બાનીમાં કહ્યું:

‘तुम चली जायेगी, परछाईयाँ रह जायेगी,
कुछ कुछ ईश्ककी रानायीयाँ रह जायेगी।

સાહિરની આ પંક્તિઓને ગાયક મોહમ્મદ રફીએ એના સ્વરમાં અમર કરી દીધી.

અમૃતા અને સાહિર છૂટાં પડ્યાં, પણ બન્ને એકબીજાંને ક્યારેય ભૂલી ન શક્યાં. સાહિરને જ્યારે જાણ થઈ કે અમૃતાને ઈમરોજમાં એક સાથી મળ્યો છે ત્યારે સાહિર લખે છેઃ

मुझे अपनी तब्बाईयोंका कोई गम नहीं,
तुम्ने किसीसे मुहब्बत निब्बाह तो दी।

અને એક અલૌકિક છતાં દર્દભરી પ્રેમ-દાસ્તાનનો અંત આવ્યો જે અનંત જ છે.

એકલતા અમૃતાના જીવનસાગરમાં એવી નૌકા હતી જેને માટે નથી કોઈ કિનારો કે નથી કોઈ નાવિક. એક પડછાયો સદાય એના સ્વપ્નમાં આવી એના ઓશિકાની ધારે આવી અને અલોપ થઈ જતો.

અમૃતાનાં સપનાંમાં આવતી છાયા અન્ય કોઈ નહીં, પણ સાહિર જ હતો. સાહિર અમૃતાના જીવનમાં પ્રેમી બની આવે છે, પણ અમૃતાની એકલતાનો અભિશાપ તૂટતો નથી. ક્યારે તૂટશે એ અભિશાપ?

અમૃતાના સમકાલીનો બધા માટીપગા જ ખરા ને? સાહિત્યજગતના એ સમકાલીનો અમૃતાના જીવનમાં કેવળ વ્યથા લઈને આવ્યા. અમૃતા કહે છેઃ

હજી દેશના ભાગલા નહોતા પડ્યા. પોતાના સમકાલીનોમાંથી કોઈ એકની પણ સાથે એવી મુલાકાત નથી થઈ, જે મુશ્કેલીઓ અને ગેરસમજણોથી પર થઈને થઈ હોય. બંને હાથથી કટુતા વેચવાવાળી મુલાકાતો હતી એ.

મોગલ સલ્તનતના આખરિ શહેનશાહ બહાદૂરશાહ ઝફરની અહીં યાદ આવે છે. ઝફરના એ અંતિમ દિવસો છે. અંગ્રેજોએ આ નેકદિલ શહેનશાહનું જીવન દોજખ બનાવી દીધેલું. ત્યારે આ શહેનશાહ શાયરને સગા-સંબંધિ, કવિ મિત્રો, એનો પડછાયો બની રહેનારા, કોઈનો સાથ ન મળ્યો.

અમૃતાની એકલતાનો અભિશાપ ઈમરોજે તોડ્યો, પરંતુ એ પહેલાં સમકાલીનોની કટુતા વેચતી મુલાકાતોની વચ્ચે એક પવિત્ર-દિલ દોસ્તે એની એકલતાભરી જિંદગીમાં મૈત્રીનો હૂંફાળો સંગાથ આપ્યો. આ પવિત્ર - દિલ મિત્ર હતો સજ્જાદ હૈદર. અમૃતાના જ શબ્દોમાં....

લાહોર હતી ત્યારે ઘણી વાર મુલાકાત થતી. કોઈ મુલાકાતના હોઠો પર કોઈ ધૃષ્ટ શબ્દ ક્યારેય નથી આવ્યો. તે મળવા આવતો તો એક અદબ એની સાથે જ પગથિયાં ચડતી હતી.

પણ પછી થોડા જ સમયમાં શહેરમાં તોફાનો શરૂ થયાં. આખો દિવસ કર્ફ્યુ રહેતો, પણ કર્ફ્યુ ખૂલતો ત્યારે સજ્જાદ જરૂર આવતો. ૨૩મી એપ્રિલનો દિવસ હતો. અમૃતાની દીકરીનો એ પ્રથમ જન્મદિવસ. શહેરમાં ચારેતરફ આગ અને હત્યાકાંડ. જન્મદિવસ તો શું ઊજવે? પણ સાંજે દરવાજે ટકોરા પડે છે. સજ્જાદ કંદલાની પહેલી વર્ષગાંઠની કેક બનાવડાવીને આવ્યો હતો.

અને પછી દેશના ભાગલા પડ્યા. અમૃતા દેહરાદૂનમાં હતી અને સજ્જાદ લાહોરમાં. લાહોર હવે પાકિસ્તાનનો પ્રદેશ. એ જ દિવસોમાં અમૃતાને પુત્ર અવતર્યો. પુત્ર નવરાઝ. અને નવરાઝને તાવ આવ્યો. ઘણા દિવસ થયા પણ નવરાઝ બીમાર હતો. એકલી અમૃતા ગભરાઈ ગઈ. સજ્જાદને પત્રમાં નવરાઝના તાવ વિશે લખાઈ ગયું. અને વળતી ટપાલે સજ્જાદનો પત્ર આવે છે. અમૃતા લખે છે:

વળતી ટપાલે જે પત્ર આવ્યો તે મારા દિલમાં હજી સુધી કોતરાઈ ગયો છે. લખ્યું હતું: 'હું આખી રાત ભગવાન પાસે પ્રાર્થના કરતો રહ્યો કે, તમારો દીકરો સારો થઈ જાય, અરબી કહેવત છે કે જ્યારે દુશ્મન પ્રાર્થના કરે છે ત્યારે તે જરૂર મંજૂર થાય છે. અત્યારે હું દુનિયાની નજરે તમારો દુશ્મન છું. ઈશ્વર એવું ન કરે કે હું ક્યારેય તમારાં બાળકોનો દુશ્મન બનું.'

અને એ પછી કેટલાંક વર્ષો વીતી ગયાં. સાહિર સાથે હવે કોઈ મુલાકાત નથી થતી. સાત વર્ષ સુધી સાહિર સાથે કોઈ મુલાકાત થઈ શકી નહીં. સાત વર્ષે સાહિર મળે છે અને અમૃતાએ એક કવિતા લખી. તે છપાઈ અને ગમે તેમ પાકિસ્તાન પહોંચી ગઈ. સજ્જાદે વાંચી અને એણે અમૃતાને પત્ર લખ્યો. અમૃતાની ઉદાસીનો એને અહેસાસ થયો. એ વીસેક દિવસની રજા લઈ એ હિન્દુસ્તાન આવે છે. એણે પત્રમાં જ લખ્યું, હું તમારી સાથે એની વાત કરીશ જેને માટે તમે 'સાત વર્ષ' કવિતા લખી છે અને સજ્જાદ હિન્દુસ્તાન આવે છે અને અમૃતા લખે છે:

તે આવ્યો અને અઢાર દિવસ દિલ્હીમાં રહ્યો. રાતે મરીના હોટેલમાં અને આખો દિવસ મારી પાસે. આ મારી જિંદગીનો પહેલો સમય હતો જ્યારે મેં જાણ્યું કે દુનિયામાં મારે પણ કોઈ દોસ્ત છે. પ્રત્યેક હાલતમાં દોસ્ત અને પહેલી વાર જાણ્યું

કે કવિતા કેવળ ઈશ્કના તોફાનમાંથી જ નિર્માણ થતી નથી, તે દોસ્તીના શાંત પાણીમાંથી પણ તરતીતરતી આવી શકે છે. સજ્જાદ ગયો ત્યારે મેં કવિતા લખી: 'ક્યાંય પાંખ વેચાતી હોય તો મને આપો પરદેશી ! નહીં તો અમારી પાસે રહી જાઓ....'

સજ્જાદ માટે અમૃતાને અત્યંત આદર છે. સજ્જાદનો ઉલ્લેખ કરતાં એને માટે એ 'સુંદર આત્મા' શબ્દો પ્રયોજે છે.

એક વખત બન્ને કોનોટ પૅલેસથી ઘરે રિક્ષામાં આવ્યા. રિક્ષાવાળાએ રિક્ષાભાડું કંઈક વધારે માગ્યું હશે. રકઝક થતી હતી અને ત્યારે સજ્જાદે રિક્ષાવાળાને એણે માગ્યા તેટલા પૈસા આપી દીધા અને અમૃતાને કહ્યું:

'આ જે કોઈ લોકો પાકિસ્તાનથી બધું ગુમાવીને આવ્યા છે, મને લાગે છે કે હું બધાનો થોડોક થોડોક દેણદાર છું....'

દેશના ભાગલા અને રાજનીતિની ગંદકીની સહેજે અસર આ પવિત્ર આત્માને નથી થઈ. કાશ! દુનિયા એ સમજે અને બન્ને દેશો વચ્ચે માનવતાનો સેતુ બંધાય

અને પછી તો રાજનીતિએ બન્ને દેશો વચ્ચેનો પત્રવ્યવહાર પણ બંધ કરી દીધો. અમૃતા માટે ખૂબ મુશ્કેલ દિવસો હતા. એ તદ્દન એકલી હતી. સજ્જાદ કે એના પત્રોનો સહારો પણ હવે ન રહ્યો.

અને તે વખતે ઈમરોજ અમૃતાની જિંદગીમાં આવે છે. બન્ને દેશો વચ્ચે થોડો સમય પત્રવ્યવહાર ચાલુ થયો. અમૃતા અને ઈમરોજે સજ્જાદને પત્ર લખ્યો. આ પત્રના ઉત્તરમાં સજ્જાદે ઈમરોજના નામે પત્ર લખ્યો. આ પત્ર વાંચી અમૃતા કહે છે.

'દુનિયાના બધા ઈતિહાસ તેને સલામ કરી શકે છે.' લખ્યું હતું: 'મારા દોસ્ત! મેં તમને જોયા નથી. પણ 'એમી'ની આંખોથી જોઈ લીધા છે. અને આજે દુનિયાના ઇતિહાસમાં જે નથી બન્યું તે બન્યું છે. હું 'તમારો રકીબ (પ્રેમિકાનો બીજો પ્રેમી) તમને સલામ પાઠવું છું.'

હવે પછી : અંત સુધીનો સાથ

ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧

# સ્મિત

❋ રાજુલ પીયુષ દેઢિયા ❋

વાડામાં મરઘાની બાંગ સાથે રૂખમણી જાગી. મોઢા પર પાણીની છાલક મારી, ગોખલામાં અરીસાના ટુકડા સામે માથું સરખું કરી રૂખમણી કરસનના ખાટલા પાસે ગઈ.

આખા દીની કાળી મજૂરી કરી કરસન એવો થાક્યો હતો કે એનું ઓશીકું, ગોદડું, બધાં પડખે પડ્યાં હતાં અને કરસન ઊંઘમાં એક મંદ સ્મિત સાથે ઘોરાઈ રહ્યો હતો.

રૂખમણીને કરસનનું એ સ્મિત સમજાયું નહીં, પણ એણે વિચાર્યું, જે થશે, મારો કાનો સારું જ કરશે.

રૂખમણી બેડલું લઇ નદી તરફ હાલી નીકળી. એનું મનડું પણ એ જ ગતિએ દોડી રહ્યું હતું. લગ્નનાં ચાર વર્ષ થયાં હતાં. હજી કાનાએ એના આંગણે, ખોળાનો ખુંદનાર નહોતો મૂક્યો. પહેલા રૂખમણીને બધું સામાન્ય લાગ્યું. પણ હમણાં થોડા સમયથી એણે જે અનુભવ્યું હતું એનાથી એ ભીતરથી હલબલી ગઈ હતી.

ગયા મહિને એની નાનપણની સખી કમલીના ખોળાનો પ્રસંગ હતો. એ સમજી નહોતી શકી કે શા માટે એને અને કરસનને કમલીના ખેતરનું રખોપું કરવાનું કહેવાયું. આખો પ્રસંગ પૂરો થઈ ગયો, પછી એના ઘરે લાડવાનો થાળ પુગી ગયો, પણ કમલી એને એ દિવસે ના જ મળી.

ગયા રવિવારે જ્યારે કરસન એનો જીવલાનાં લગ્નના દિવસે જ શહેરમાં ફરવા લઈ ગયો, ત્યારે એણે જીદ કરી અને કરસને એટલું જ કહ્યું કે, 'આપણે લગ્નમાં નહોતું જવાનું', એટલે આપણે શહેર ફરવા આવ્યાં છીએ.

હવે રૂખમણી બધાં ચોકઠાં ગોઠવવા લાગી. ઓલા દિવસે એ પાણી ભરવા નીકળી હતી અને કમલી એને સામે દેખાઈ હતી અને એ કમલીને મળવા દોડી, પણ કમલી જોયું ન જોયું કરી, આગલી શેરીમાં વળી ગઈ હતી.

આજે એ આ વાતનો નિવેડો લાવવાનું નક્કી કરીને નીકળી હતી.

બાજુના ફળિયામાં રહેતી રાધાનો વર ગયા વર્ષે કોરોનામાં ખપ્પરમાં હોમાઈ ગયો હતો. થોડા દહાડે એનાં સાસરિયાં રાધાને પાછી મૂકી ગયાં હતાં.

રૂખમણીના મનમાં રાધા-કરસનની જોડી કેવી લાગશે એના ઓરતા હતા.

એને ખબર હતી કે જ્યાં સુધી એ હશે, કરસન બીજી વાર માંડવે નહીં ચડે અને એટલે જ એણે નક્કી કર્યું હતું કે...

નદીના  તટ પર એક બેડલું ફૂટવાના અવાજ સાથે 'ધબાક' અવાજ થયો.

કરસન ઊંઘમાંથી ઊઠ્યો. એણે જોયું કે રૂખમણી વહેલી પરવારી પાણી ભરવા નીકળી ગઈ હતી.

એણે ખીંટી પરથી ડગલામાંથી ગળી કરીને રાખેલી ચિઠ્ઠી કાઢી, ખોલી અને વાંચી અને ફરી મંદ સ્મિત કર્યું. આ ચિઠ્ઠી વાંચીને રૂખમણી કેટલી રાજી થશે, એ વિચારીને એનું સ્મિત લંબાતું ગયું.

બિયારણના નામે દર અઠવાડિયે શહેરના એના ચક્કર લેખે લાગ્યા હતા. આશ્રમ-વાળાઓએ એની દત્તક બાળક લેવાની અરજી પાસ કરી હતી. બસ, રૂખમણી આવે એટલી વાર. ચબરખી વાંચીને રૂખમણીનો ચહેરો કેવો મલકશે.એ વિચારી કરસન ફરી મંદ સ્મિત સાથે મરકયો.

ત્યાં આંગણે બૂમ પડી, ''કરસન, દોડ. તારી રૂખમણીએ નદીમાં...''

- કુંદરોડી

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## દર્પણ જૂઠ ના બોલે

પગદંડીના ઑગસ્ટ માસના અંકમાં તંત્રી સ્થાનેથી ચંદ્રકાન્ત નંદુના લેખથી અભિભૂત થયો છું અને સહમત પણ. આવી સુંદર છણાવટ અને તે પણ કોઈની શેહમાં આવ્યા વગર.

સચોટ ચિતાર રજૂ કરવા બદલ અભિનંદન.

સાથે શ્રી લીલાધરભાઈનો લેખ પણ તમારી વાતનો પુષ્ટિ કરતો જાણે અનુસંધાન જોડતો રહ્યો હોય એમ લાગ્યું. એમને પણ ધન્યવાદ.

ચૂંટણી અંગે આપના બેઉના લેખનો મળતો મારો લેખ જૂન ૨૦૦૫માં 'પગદંડી'માં પ્રગટ થયેલો.

ત્યારે જ 'અધા' તંત્રી સ્થાનેથી છૂટા થયેલ અને આપે પદ ધારણ કરેલ.

આપનો આભારી

- જયંત દેઢિયા

પ્રાગપુર - મીરા રોડ

મો. : ૯૮૨૦૬૦૨૭૭૨

વલા,

કાનેંમંતર વિગરજી કચ્છી શબ્દેંજી જાત્રા જો પાંજો સંઘ ઠેઠ 'વ' જે વથાણમેં અચી પુગો આય. ગે મેણે પાં ''લડ઼'' જી ગાલ કિઈ. ૧) લડ઼ - હારમાળા જૈંકે હિન્ધીમેં પણ લડ઼-લડ઼ી ચેંતા - ''ફૂલોંકી લડ઼ી'' સે ૨) લડ઼ જો બ્યો અરથ 'સાંકળ' સમજાયલા પાં 'પરપોત્રો' જો પુતર 'લડ઼ પોત્રો' ચૉવાજે તો સે નોંધ્યો!

૧) વક - પું. વાક, કસ, સત્ત્વ (m) substance, stamina
(વાક્ય) વંજકે ચીરી જિજો ટૅમ રખો, ત વક છડી વિઞે (પોય વાર્યો ત તુટી પૅ.)

૨) વક - પું. લોટ બંધાય એવી તેની ચીકાશ (m) quality adhesiveness of flour which makes it possible to make dough of it.
(વાક્ય) લગે તો લોટકે જિજા ડીં થિઈ વ્યા અઈં, વક છડી વ્યો આય!

૩) વક - પુ. (લા.) મહત્ત્વ (m) value, importance (figurative). ઉદા. ગાલ જો વક(વાક્ય) જિકીં ચોણૂં વે સે ટૂંકમેં ચુટો ચિઈ ડીજે. બૉરી લમી કરે મેં ગાલ વક છડી વિઞે.

'વક' શબ્દ પિંઢ તાં બૉરો 'વક' વારો - સત્ત્વશીલ આય પણ વખત જા ધક એડ઼ા લગા અઈં જે અજ હાણે ઈ 'વક' વૅવારમેં જિજો કિતે ડિસાજે નતો!

વડી ત્રઈ (પેઢી). વડી સધી જા માડૂ વૅ ઊ તો અજ પણ 'વક' જે 'વક' કે ભુલા નઈં!

**પનપટી**

કચ્છી ભાસામેં ચૉવકેં જા ભંઢાર ભર્યા પ્યા અઈં. અઈં ચો ઉન વિષયતેં કચ્છી ચૉવકૂં જુડે઼. ''વકમેં વારીજે'' ઈ હિકડી સાવ સટુકડી - નિંઢડ઼ી (લાઘવયુક્ત) ચૉવક કુરો ચેંતી?

પ્રમાણભાનને કેન્દ્રમાં રાખતી આ કહેવત કહે છે કે કોઈ પણ વાત-કે-વ્યવહારમાં ''પ્રમાણ જાળવવું.'' અતિરેક કદી કરવો નહીં અને વાતનું સત્ત્વ - વાતનો કસ ઝાંખો પડી જાય ત્યાં સુધી લંબાણ કરવું નહીં.

'વક મેં વારી જે' એ કચ્છી લોકજીવનની એક લાખેણી કહેવત, અતિશયતાને ટાળવા કહે છે કારણ કે, અતિ જી કોય ગતિ ન વે. अति सर्वत्र वर्ज्यते!!!

ભલેં તડેં ભાવ થીયેં ત ભૂંગરો વજાઈજા
૯૮૨૦૪૫૬૮૯૯

આંજો વિશન

## મિચ્છા મિ દુક્કડમ

પર્વ છે મંગલકારી સૌને શીશ નમાવું,
ને કરી મિચ્છા મિ દુક્કડમ સૃષ્ટિને ખમાવું.

કડવા શબ્દ કહીને હું ના દિલ કોઈનું દુઃખાવું,
ભલે હશે કોઈ વેરી મારો મનમાંથી ભૂલાવું.

ના બોલે જે મારી સાથે હું જઈને બોલાવું,
અંતરમાં જઈ એનાં હું તો અંતરપટ ખોલાવું.

સૌ જીવો અહીં સુખી થજો એવા ભાવ ધરાવું,
દુષ્કર્મોથી દૂર રહી કોઈને ના ડરાવું.

રડતા દુઃખીજન પીડિતાને મારે તા હસાવું,
નીતિ, સર્વ શ્રેષ્ઠ ધરંમ કોઈને ના ફસાવું.

અંતે
મહાવીરનાં ચરણોમાં જઈ હું પાપોને ઠલાવું,
એ ચીંધેલા મારગને ના કદી વિસરાવું.

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## લય

સાથ ડીયેં સગા સજણ, જીયણમેં અચે લય.
ઊનાં ઘા જ લગેં રુજણ, જીયણમેં અચે લય.

મો'ન જી હુએં ન કો મઙ, સંવાધ તાં મિઠાસજો.
સુર તાલ સચો બુજણ, જીયણમેં અચે લય.

હિત સુખ દુખજી મૉસમ, નતી રે અસોસાર.
ગૅભ થિઈ વિનેં ગજણ, જીયણમેં અચે લય.

ઈચ્છાએં જો આગીયો તોજો, ચમકંધો રોંધો સડા.
હામ કે ન ડીજ ઉજણ, જીયણમેં અચે લય.

વાટ ઓજાંગડ઼ ક 'દિવ્ય', હુએ ઘસ ભલેં સૉડ઼ો.
મન કે મ ડીજ ભજણ, જીયણમેં અચે લય.

દિવ્યા દેઢિયા 'દિવ્ય'

## રુંગા

અખીયેં જી ભાસા થૈ વુડે઼ંતા રુંગા.
લાગણીયેં જી વાચા થૈ રુડે઼ંતા રુંગા.

ઉગેં ધિલ ભગીચે, હિરખ જા ફૂલ,
હેજ જે ધુરીયે કુડ કુડેંતા રુંગા.

ચુંભા ડે હીંયે પિરીંજી જુધાઈ, પીડ઼ા
બંધ તોડ઼ી ઑગન જા છિલેંતા રુંગા.

સુરેં સવારથ, કૂડ કપટ જા સપ,
ચુઆક જીંય ટિપ ટિપ સિરેંતા રુંગા.

વિગર કુછે 'કુસુમ' કિતરો ચૈ ડીએંતા,
ભાર ધિલ જો હલકો કૈ ઠરેંતા રુંગા.

**કુસુમ ગાલા... 'કુસુમ'**

## નતો...

સાથ કેંજો હો ન હો કીં ખટકે નતો.
ગડો કેંજો કેં વિગર કીં અટકે નતો.

સિજ કુટે ઉગેં, સિંજા થીયે ઉલેં,
રાત આંધારે કો ભટકે નતો.

સુખ નેં દુખ ત સિકે જી બ બાજુ,
અચેં- વિગેં તેંસેં મથો કીં કુટજે નતો.

મનેં કો ઉનીસેં જ ઉગેંતો નેં ઉલેંતો,
નાંય એંડ઼ો, કેં વિગર કીં નિપટે નતો.

સમો જો ચકર ફિરધો જ વિઠો,
ચેતીનેં હલધે 'કુસુમ' કીં છિટકે નતો.

**કુસુમ ગાલા...'કુસુમ'**

# (સ્તવન)
# મહાવીર પ્રભુકે અરધાંસ

હે ! વીર પ્રભુ, મહાવીર પ્રભુ,
સુણો મૂંજી અરધાંસ,
બંધૂભાવસેં હલાં મિણીસેં,
મૂંજે અંતરજી અય આસ,

ગણધરેંજા વચન અમૃત,
સમજી ઇનજો સાર,
જૅડ઼ો કરીયાં તૅડ઼ો ભરીયાં,
આંજો અય આધાર.

પાપ-પુનજા લેખા - જોખા,
ચોપડ઼ે મૂંજે ઉધાર,
પલડ઼ો હલકો ભારી; જૅડ઼ા
ભરીયાં જમા-ઉધાર.

આંજી કિરપા રખજા મૂં તેં,
અબૂધ ઐયાં હે ! કરુણાઘન,
જીવો-જીવ ખમાઈયાં મિણીકે,
ડીયાં ઍડ઼ો અભય વચન.

અસાતના ન થીયેં કેંજી,
મૂં સે અસોસાર,
ભવોભવજા ટરેં ફેરા,
અય આધરભાવ અપાર.

સમ્યક્ જીવન, સમ્યક્ ડરસણ,
સમ્યક્ સારા સાર,
સમકિત જિન સાસનજા,
સમ્યક્ આચાર-વિચાર.

હે ! વીર પ્રભુ, મહાવીર પ્રભુ,
ક્યાં તેજોમય સંસાર,
બ-હથ જોડ઼ી કરીયાં વીનતી,
થીયેં બેડ઼ો પાર (૨)
હે ! વીર પ્રભુ.....

- ભાનુબેન સાવલા

# આવજે તું

હું સાદ કરું તે પહેલાં આવજે તું,
હું યાદ કરું તેનો સંદેશો લાવજે તું.

મારા હૃદયમાં બસ નામ છે તારું,
બીજનો ચાંદ હથેળીમાં વાવજે તું.

દૂર દૂરથી સાંભળું છું પગલાં તારાં,
છું નાદમાં બાવરી સાજ બજાવજે તું.

હું તો લણી લઈશ વચનો તારાં,
દઈને દાદ દોસ્તીમાં ફાવજે તું.

ખાતરી છે તારા આવવાની મને,
બધા વાદ ભૂલી નેહ વરસાવજે તું.

- ભાનુબેન સાવલા

**હે પ્રભુ તે જે નથી આપ્યું**
**તેનો અફસોસ ક્યારેય નહિ કરું,**
**કારણકે તે મને એવું ઘણું આપ્યું છે,**
**જેની મેં કલ્પના પણ નહોતી કરી.**

## પ્રેમભાવના

પ્રેમભાવના દિલે જગાવાય,
વેરને તો અલવિદા દેવાય.

પ્રેમે વરસે હરખની હેલી,
ફૂલી જાય સુખ-શાંતિની વેલી.

પ્રેમી જનને કદી ના ભૂલાય,
નદી લાગણીની વહેતી થાય.

પ્રેમીને દુઃખમાં સાથ દેવાય,
સંકટ સમયે ઊભા રહેવાય.

'લઘુગોવિંદ' પ્રીત સાચી કરાય,
બળે ના કદી વાસનાની લાય.

## પૈસો અનર્થનું મૂળ

પૈસો અનર્થનું મૂળ ગણાય,
સંબંધોમાં કાતર ફેરવાય.

ભાઈ ભાઈ વચ્ચે ઝઘડા લાવે,
પ્રેમળ ભાવને આગ લગાવે.

રૂપિયા સંગે રંગ બદલાય,
કોર્ટ રાહે ચડી જંગ ખેલાય.

મિત્રો સંગે પૈસાનો વહેવાર,
મૈત્રી તોડીને શત્રુ કરનાર.

'લઘુગોવિંદ' એ લોભ જગાવે,
સંતોષ-શાંતિને આગ લગાવે.

## પમાય સન્માન

કોયલડી કરે ટહુકાર
માનવને ગમે સથવાર

સ્વરે કર્કશ કાગળે ઘાવે
લોકો એનો કરે તિરસ્કાર

માનવ વાણે જો કડવાશ
કોઈ ના આપે આવકાર

'લઘુગોવિંદ' મીઠી વાણથી
જગતે પમાય સન્માન

- લઘુગોવિંદ

## પાણી

ઉપયોગી જણાય પાણી
વ્યર્થ ના વેડફાય પાણી

અનંત જીવો સંગ્રહે પાણી
સજીવનતા ગ્રહે પાણી

તરસ તો છીપાવે પાણી
ભોજન પણ અપાવે પાણી

સૌનો આધાર થાય પાણી
ચલાવતો સંસાર પાણી

'લઘુગોવિંદ' તારે પાણી
તો ક્યારેક મારે પાણી

-લઘુગોવિંદ

# શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ 75 સમાજ ઉત્કર્ષના સાતત્યપર્યા ૭૫ વર્ષ સંપ, સંગઠન, સમર્પણ

## સંજીવની સ્વાસ્થ્ય યોજના ૨૭ વર્ષથી અવિરત

## આભાર – અભિવંદના

### ૧૦ દિવસ – ૧૬ સેન્ટર, ૧૦૦ કાર્યકર

### ઘર ઘરમાં સંજીવની, હર ઘરમાં સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ 75 સમાજ ઉત્કર્ષના સાતત્યપર્યા ૭૫ વર્ષ સંપ, સંગઠન, સમર્પણ

✤ વિક્રમસર્જક નવી ક્ષિતિજ સર કરતી સંજીવની એટલે સમાજનું એકમાત્ર મેડિકલ કવચ ✤

શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન મુંબઈ
અમૃતબેન મોનજી સભાગૃહ, રોમન વિઝન હૉલ, સંસ્થાની રૂમ તથા મેડિકલ સેન્ટર ફાળવવા બદલ

- શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન અને શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન સંચાલિત સંયુક્ત ખબર પત્રિકા
- પોતાના ગામ, એરિયાની વ્યક્તિઓ માટે રાહત જાહેર કરનાર મહાજનો, મંડળો, લત્તાવાર મંડળો, મહિલામંડળો, યુવક મંડળો, સ્થાનિક સંસ્થાઓ અને સખીદિલ દાતાઓ
- સેવા સમાજનાં સંજીવની યજ્ઞમાં પોતાનું પ્રીમિયમ ભરી આ યોજનામાં સંપૂર્ણ વિશ્વાસ દાખવનાર પૉલિસી ધારકો
- સેવા સમાજની ઐતિહાસિક યોજનાને પીંઠબળ પૂરું પાડનાર સમાજની વિવિધ સંસ્થાના પદાધિકારીઓ અને સેન્ટરો પર સેવા આપનાર કાર્યકર્તાઓ જેમણે સંસ્થાની ઑફિસમાં પ્રીમિયમ કલેક્શન સેન્ટર રાખી સંજીવની પર્વ ઊજવ્યું

- શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - બોરીવલી
- શ્રી કચ્છ યુવક સંઘ - નાલાસોપારા
- શ્રી કાંદિવલી ક.વી.ઓ સેવા સમાજ
- શ્રી મલાડ કચ્છી જૈન યુવક મંડળ
- શ્રી ગોરેગામ ક.વી.ઓ. જૈન પ્રગતિ મંડળ
- શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ
- શ્રી મામણિયા નંદુ જૈન ભવન
- શ્રી અંધેરી ક.વી.ઓ. સમાજ
- શ્રી વિલેપાર્લે ક.વી.ઓ. સેવા સમાજ
- શ્રી ડોંબિવલી ક.વી.ઓ. સેવા સમાજ
- શ્રી થાણા કચ્છી જૈન સેવા સમાજ
- શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજ
- શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન મુંબઈ સંચાલિત સી.વી.ઓ.ડી મેડિકલ સેન્ટર (ઘાટકોપર)
- શ્રી તાડદેવ ક.વી.ઓ. જૈન ઉપાશ્રય
- શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજ અને તેમના પ્રતિનિધિ પ્રદિપ દેઢિયા (ભાટે)
- શ્રી પ્રગતિ આરાધના ભવન (પુના) અને તેમના પ્રતિનિધિ વનરાજ વિક્રમ
- શ્રી કોલ્હાપુર (મીના ડ્રેસીસ) - કવન દામજી છેડા, કૌશિક રાંભિયા

✤ સંજીવની પ્રીમિયમનો કૉમ્પ્યુટર પ્રોગ્રામ બનાવનાર ભાવિકા એન્ટરપ્રાઈઝના અંકુર કાંતિલાલ વીરા (નાગલપુર)

✤ લૅપટોપ, પ્રિન્ટરની સર્વિસ પૂરી પાડનાર નેટવર્ક ટેકલેબના શ્રી ચેતન વસનજી સાવલા (મોટા આસંબિયા) ચિરાગ હીરજી સોની (બાંભડાઈ) અને દેવ કૉમ્પ્યુટરના લલિત દેવચંદ વીરા (દેવપુર)

✤ પત્રિકા જાહેરખબર ડિઝાઈન કરનાર નીલપરી એડનાં જ્યોતિબેન ઝવેરીલાલ સાવલા (કોડાય) અને ઉપાસના પ્રિન્ટર (ઘાટકોપર)

✤ ભોજન બનાવી આપનાર પૂર્વી લોડાયા અને મામલ કેટરર્સના સંજયભાઈ દેઢિયા.

✤ ભણતર સાથે સામાજિક પ્રવૃત્તિઓને અપનાવનાર પોતાની કીમતી સેવા આપનાર વિદ્યાર્થીમિત્રો અને મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીમિત્રો.

✤ સેવા સમાજના કાર્યાલયના પરિવારજનો, સંસ્થાના કર્મચારીગણ જેમણે સંજીવનીને પોતીકી સમજી.

✤ ઉપરોક્ત દરેક સંસ્થા, વ્યક્તિ અને પ્રત્યક્ષ પરોક્ષ રીતે સંજીવનીમાં મદદરૂપ થનાર સર્વેનો ખુબખુબ આભાર અને અભિનંદન

✤ સંજીવની પ્રીમિયમ કલેક્શન દરમ્યાન કંઈ પણ ભૂલચૂક થઈ હોય તો ક્ષમાયાચના.

**સંજીવની સ્વાસ્થ યોજના સમિતિ**

કોર્ડીનેટર : CA અશ્વિન પોપટલાલ માલદે (ભુજપુર), CA શાંતિલાલ કુંવરજી રાંભિયા (સમાઘોઘા)
સભ્યોઃ મનીષ દામજી ગાલા (વડાલા), જીતેન નેમચંદ દેઢિયા (બાડા), બિમલ લાલજી વોરા (નવીનાળ)

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ જુલાઈ, ૨૦૨૨ થી તા. ૩૧ જુલાઈ, ૨૦૨૨)**

**ચક્ષુદાન :**   **દેહ /ત્વાચાદાન : ✪**   **અવયવદાન : ✹**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અ. સૌ. મોહિની ભરત કેશવજી દેઢિયા | ૬૧ | બેરાજા | દાદર |
| પન્ના (પૂનમ) વિજય વશનજી દેઢિયા | ૬૩ | નવાવાસ | થાણા |
| રૂક્ષ્મણીબેન શાંતિલાલ શામજી વીરા | ૯૨ | બિદડા | ઘાટકોપર |
| ગં.સ્વ. વેલબાઈ દેવજી તાલા ગડા | ૯૨ | મોટા લાયજા | વસઈ |
| પ્રવીણ ભવાનજી ગાંગજી ગાલા | ૭૨ | દેશલપુર | ડોંબિવલી |
| ઉર્મિલા શાંતિલાલ વેરશી શાહ /નાગડા | ૮૦ | કોડાય | બોરીવલી |
| સરલાબેન નેમજી ધનજી મારુ | ૮૫ | હાલાપુર | વડાલા |
| નવીનચંદ્ર પ્રેમજી દેરાજ ગડા | ૭૦ | મોટા આસંબિયા | હૈદરાબાદ |
| ભાવેશ ખીમજી શામજી કેનિયા | ૫૪ | બારોઈ | મલાડ |
| મુલચંદ હીરજી રાયશી મારુ | ૭૦ | બિદડા | કોટન ગ્રીન (૧૪ ઉ) |
| રતનબેન પ્રેમજી કરમશી દેઢિયા | ૮૬ | સાડાઉ | સાકીનાકા (૩૭ ઉ) |
| લાલજી નેણશી પુંજા સાવલા | ૮૯ | કારાઘોઘા | ચેમ્બુર |
| દેવકાંબાઈ વિજપાર વેરશી ભેદા | ૯૩ | ભુજપુર | અંધેરી |
| લક્ષ્મીબેન હરખચંદ વાલજી નિસર | ૭૯ | લાકડિયા | દહીંસર |
| મહેશ લક્ષ્મીચંદ કેશવજી દેઢિયા | ૬૩ | દેવપુર | થાણા |
| અ.સૌ. જિજ્ઞા અતુલ કાંતિલાલ વિસરિયા | ૪૪ | બાડા | મુલુંડ |
| ખુશાલ દેવજી લાલજી વોરા | ૫૭ | નારાણપુર | ઈન્ડી (કર્નાટક) |
| ઉર્વી ભૂપેન્દ્ર હીરજી ગંગર | ૨૫ | ગોધરો | નાલાસોપરા |
| હેમલતાબેન (ચાંગડાઈના સુંદરબેન મુરજી નાગડાની પુત્રી) | ૬૦ | - | ભાંડુપ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| શ્રીમતી ચંદ્રિકાબેન ખીમજી વીરજી દેઢિયા | ૭૮ | પુનડી | પુના |
| કિંજલ અતુલ કલ્યાણજી ધરોડ | ૨૫ | ગુંદાલા | થાણા |
| નિખિલ પ્રેમજી વીરજી ગોગરી | ૫૩ | કપાયા | નાલાસોપારા |
| મા. લક્ષ્મીબેન લાલજી હીરજી ઈસરાણી | ૯૧ | વડાલા | મુલુંડ ✪ |
| રાઘવજી લખમશી પરબત સાવલા | ૮૮ | દેશલપુર | ડોંબિવલી |
| હેમલતા ખીમજી ગોવર મારુ | ૭૫ | ત્રગડી | મલાડ |
| ગં. સ્વ. સાકરબેન લક્ષ્મીચંદ ડુંગરશી મોતા | ૮૨ | નવાવાસ | નાલાસોપારા |
| દેવકાંબેન મેઘજી ખીંયશી છેડા | ૯૨ | પુનડી | તિલકનગર |
| વિજય (કંકુબેન લાલજી માલદે લુણીના જમાઈ) | ૬૫ | | સાંતાક્રુઝ |
| જાદવજી પ્રેમજી ઉકેડા ગાલા | ૬૭ | છસરા | દહીંસર |
| પ્રફુલ્લ નેણશી જેઠા ગાલા | ૫૭ | દેવપુર | ડોંબિવલી |
| સુરેશ હીરજી મેઘજી ગડા | ૫૭ | હાલાપુર | ભાઈંદર |
| મણિબેન રતિલાલ તલકશી ગડા | ૭૪ | સાભરાઈ | મુલુંડ |
| કસ્તૂરબેન વિશનજી લાલજી સંગોઈ | ૭૭ | ટોડા | દહીંસર |
| પ્રેમચંદ શામજી નાનજી લાલન | ૯૨ | કોડાય | પ્રભાદેવી |
| પ્રીતિ (મોટા આસંબિયાના વિજયાબેન જેઠાલાલ સાવલાની સુપુત્રી) | ૪૯ | - | નાલાસોપારા |
| ગિરીશ ચાંપશી વીરજી સતરા | ૫૪ | લાખાપર | ઘાટકોપર |
| દિલીપ કાંતિલાલ લાલજી ગાલા | ૫૮ | નવીનાર | મુલુંડ |
| અ.સૌ. હિના પીયૂષ લક્ષ્મીચંદ કારાણી | ૫૯ | ડુમરા | પ્રભાદેવી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ભારતી મહેન્દ્ર તલકશી દેઢિયા | ૬૨ | મંજલ હમલા | કોલીવાડા |
| મહેન્દ્ર હંસરાજ લાલજી વોરા | ૬૭ | ગોધરા | કાંદિવલી |
| ભાસ્કરભાઈ ધારશી લાલજી સતરા | ૭૦ | ગુંદાલા | કોલ્હાપુર |
| વેજબાઈ લખમશી શિવજી છેડા | ૧૦૩ | નાના આસંબિયા | ડોંબિવલી |
| સચીન પોપટલાલ ગાંગજી નંદુ | ૪૩ | વાંકી | બોરીવલી |
| માતુશ્રી દમયંતીબેન અમૃતલાલ ગોસર નાગડા | ૮૦ | કોટડી(મહા) | ડોંબિવલી |
| કૈલાસ ધનજી પ્રેમજી વોરા | ૫૮ | પ્રતાપર | મલાડ |
| લીલાવંતી પુંજા વજા ગડા | ૭૪ | સામખિયારી | નાલાસોપારા |
| વિમળાબેન કુંવરજી આસુ છેડા | ૮૩ | રતાડિયા ગણેશ | અહમદનગર (૧૭) |
| પ્રેમજી જીવરાજ ખેતશી ગોગરી | ૮૩ | ટોડા | મુલુંડ |
| નવીન વિશનજી રવજી દેઢિયા | ૬૭ | મોટા રતાડિયા | આકોલા |
| વસંતલાલ વાલજી પાંચુભાઈ દેઢિયા | ૭૬ | ગઢશીશા | મુલુંડ |
| વાલજી ઉમરશી સોજપાર ગંગર | ૭૮ | છસરા | મુલુંડ |
| શાંતિલાલ નપુભાઈ રાઘવજી શાહ | ૮૨ | નૂતનત્રંબો | ગ્રાન્ટ રોડ |
| મા. વેલબાઈ નેમજી મેઘજી સંગોઈ | ૮૭ | ટોડા (૭૩) | ઘાટકોપર |
| રિનય ધીરજલાલ દામજી ગલિયા | ૩૪ | લુણી | માટુંગા |
| સુશીલ રાંભિયા | ૪૨ | રામાણિયા | વિરાર |
| વસંત કુંવરજી સાલિયા | ૭૩ | ગોધરા | સાંતાક્રુઝ |
| તલકશી રાઘવજી કેશવજી કેનિયા | ૭૭ | બારોઈ | અમેરિકા |
| દમયંતી આણંદજી વેલજી હરિયા | ૮૩ | શેરડી | નાલાસોપારા |
| લખમશી કાનજી ગાલા | ૮૯ | વાંઢ | ડોંબિવલી |
| કિશોર જેઠાલાલ ભારમલ હરિયા | ૭૦ | ગોધરા | ઘાટકોપર |
| હેમલતાબેન ધીરજલાલ વેલજી ઈસરાણી | ૭૮ | વડાલા | મુલુંડ |
| હીરબાઈ લીલાધર વીરજી કારાણી | ૯૩ | ડુમરા | મુલુંડ |
| હરખચંદ ખીમજી નાગજી દેઢિયા | ૬૭ | શેરડી | મુલુંડ |
| અ.સૌ. ડિમ્પલ અતુલ ખીમજી શેઠિયા | ૪૯ | ગુંદાલા | કુર્લા |
| ખીમજી ભાણજી હંસરાજ નાગડા | ૬૪ | ભોજાય | ભોજાય |
| કુ. પ્રેમીલા નાનજી વેરશી વોરા | ૬૮ | પ્રાગપુર | બાંદરા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| કાંતિલાલ દામજી વીરજી વોરા | ૭૫ | નવીનાર | ભાંડુપ |
| મા. મણિબેન ભાણજી રામજી સાવલા | ૮૪ | વાંકી | મલાડ |
| કાંતિલાલ દના રતનશી ગડા | ૬૯ | બાડા | ઘોડપદેવ |
| મણિબેન જેઠાલાલ રવજી છેડા | ૭૪ | રાયણ | દહીંસર |
| વિનોદ વીરજી નેણશી વીરા | ૭૫ | ભારાપર | પ્રભાદેવી |
| લીલબાઈ તેજશી મોણશી બૌઆ | ૮૬ | નાની તુંબડી | દહીંસર |
| સુબ્રમણ્યમ કિષ્ણમૂર્તિ (કાંડાગરના | ૪૬ | - | અંધેરી |
| ભારતીબેન કુંવરજી ગાલાના જમાઈ) | | | |
| રમેશ જેઠાલાલ વેરશી શાહ/ગાલા | ૭૧ | નવાવાસ | ઘાટકોપર |
| ઝવેરચંદ ખીમજી મોરારજી ગાલા | ૭૨ | ટોડા (૨૭) | ગોરેગામ |
| નિર્મળાબેન (મા. દેવકાંબાઈ શામજી | ૭૩ | | ચેમ્બુર |
| ગાલા - રાયણની સુપુત્રી) | | | |
| કિશોર લાલજી કરમશી ફુરિયા | ૭૬ | ડોણ | બાંદરા |
| મા. જીવીબેન ખેતશી નથુ સાવલા | ૯૨ | રામાણિયા | દહીંસર |
| અમીત મણિલાલ વેલજી વીરા | ૪૨ | વડાલા | મહેસાણા |
| રાજુ/ભરત હરિલાલ ગોસર છેડા | ૬૩ | કુંદરોડી | મલાડ |
| પ્રભાબેન શિવજી ધનજી સાવલા | ૮૫ | બેરાજા | ડોંબિવલી |
| મા. જેઠીબેન કલ્યાણજી માલશી છેડા | ૮૫ | ડોણ | ઘાટકોપર |
| અ.સૌ. ભાવના સંજય મુલચંદ ખીમસરિયા | ૨૭ | કોટડી (મહા) | ડોંબિવલી |
| અક્ષય જાદવજી રવજી સાવલા | ૩૨ | મોટા આસંબિયા | નાલાસોપારા |
| લક્ષ્મીબેન છગનલાલ શામજી સાવલા | ૬૯ | ભીંસરા | પાલઘર |
| સાકરબેન જાદવજી શિવજી માલદે | ૭૩ | લુણી | થાણા |
| બિપીન જેઠાલાલ ખીમજી નાગડા | ૭૩ | ગોધરા | નાલાસોપારા |
| જવેરચંદ લખમશી ઉમરશી ગાલા | ૭૧ | મોટા આસંબિયા | મલાડ |
| ભાઈલાલ વીરજી કરમશી સાલિયા | ૭૫ | ગોધરા | ચિંચપોકલી |
| | | | |
| **કાળધર્મ પામેલ છે** | | | |
| પ.પૂ. સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા. | ૯૧ | - | - |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| ભાણજી ખીમજી ખાંખણ ફુરિયા - (સંથારો) | ૬૭ | લાકડિયા | સાંતાક્રુઝ |
| મહેન્દ્ર વેલજી લધા શાહ (ગલિયા) | ૭૦ | લુણી | મલાડ |
| કસ્તૂરબેન કલ્યાણજી ગણશી ગાલા | ૮૭ | મોટા લાયજા | ઘાટકોપર |
| વેલજી મણશી રાણા ગડા | ૭૨ | લાકડિયા | ઘાટકોપર |
| મા. રતનબેન કલ્યાણજી કારૂ છેડા | ૭૬ | બિદડા | ચેમ્બુર |
| ચેતન કાનજી રવજી મારુ | ૫૩ | ડેપા | કુર્લા |
| રામજી દેવજી નાનજી કેનિયા | ૭૬ | બારોઈ | માટુંગા |
| ઝવેરબેન વિશનજી ખેરાજ નાગડા | ૮૧ | ભોજાય | કલ્યાણ |
| મોંઘીબેન ગાંગજી કુંવરજી સતરા | ૮૨ | ગુંદાલા | મુલુંડ |
| રાયચંદ પ્રેમજી ભીમશી છાડવા | ૫૯ | સામખિયારી | પાલઘર |
| અ.સૌ. જિજ્ઞા જયેશ ટોકરશી ગાલા | ૫૩ | સમાઘોઘા | મલાડ |
| અ.સૌ. વિમળાબેન મણિલાલ ઉમરશી ભેદા | ૮૧ | ભુજપુર | કોલ્હાપુર |
| મુલચંદ લખમશી ઘેલા સાવલા | ૯૦ | નવાવાસ | કેમ્પસ કોર્નર |
| અરુણાબેન રતિલાલ શામજી દેઢિયા | ૬૨ | બિદડા | થાણા |
| નેમચંદ દેવરાજ દેવશી નાગડા | ૭૬ | ડુમરા | મીરા રોડ |
| મા. રતનબેન ધનજી પ્રેમજી સાવલા | ૮૬ | કોડાય | મુલુંડ |
| શાંતાબેન શાંતિલાલ ભીમસી સતરા | ૭૫ | મનફરા | વાશી |
| શાંતિલાલ દેવજી જાદવજી સાવલા | ૭૨ | બેરાજા | વિલે પાર્લે |
| ભવાનજી લખમશી લધા વોરા | ૮૦ | નવીનાળ | થાણા |
| લક્ષ્મીકાંત ભવાનજી પાસડ | ૬૭ | ભોજાય | મુલુંડ |
| કિરીટ મણશી જીવરાજ કારાણી | ૬૨ | ડુમરા | ઘાટકોપર |
| ચંદ્રકાંત વીરજી ખીમજી મારુ | ૬૫ | હાલાપુર | વાશી |
| જયંતીલાલ હીરજી વેલજી છેડા | ૭૨ | ભુજપુર | બોરીવલી |

**ક્ષમા એ ઉપકાર છે જે આપણે**
**પોતાના માટે કરીએ છીએ,**
**જીવનમાં શાંતિ ઈચ્છતા હો તો**
**ક્ષમા કરો અને ભૂલી જાઓ**

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| ડૉ. ગીતા તરુણ વેલજી મારુ | ૫૯ | મોટા લાયજા | નાગપુર |
| પ્રફુલ્લચંદ્ર મોરારજી હીરજી દેઢિયા | ૬૯ | ગઢશીશા | ઘાટકોપર |
| નિર્મળાબેન નાનજી ચાંપશી કારાણી | ૬૦ | ડુમરા | થાણા |
| હીરજી ઉમરશી ગાલા | ૭૬ | ભોજાય | ચેમ્બુર |
| ચંદનબાળા હીરાલાલ ભાણજી દેઢિયા | ૮૫ | મેરાઉ | ભીલાઈ |
| ધનજી દામજી હંસરાજ શાહ (પાસડ) | ૭૨ | ભોજાય | યુ.કે. |
| શ્રીમતી મીનાબેન રતિલાલ વેરશી ગડા | ૭૫ | ખારૂઆ | ફોર્ટ |
| જયંતીલાલ કેશવજી ગણપત રાંભિયા | ૭૮ | સમાઘોઘા | મઝગામ |
| નાનજી નથુ રામા સૈયા | ૮૧ | મોખા | નાલાસોપારા |
| રમેશ લાલજી માલશી દેઢિયા | ૬૮ | બગડા | ભાંડુપ |
| પાલણ માડણ બેચર ગાલા | ૮૩ | ઘાણીથર | મલાડ |

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૫

# પગદંડી

અંક : ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૨

*-: માનદ્ તંત્રીઓ :-*
**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળઃ શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**
૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ

75

સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ
સંપ, સંગઠન, સમર્પણ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



સંજીવની સ્વાસ્થ્ય યોજના



બુક બેંક




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ



સમુહ લગ્ન







સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) SEPTEMBER 2022 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022


DIVERSE RANGE | UNMATCHED QUALITY

Industry Leading Technology, Driving Sustainable Growth.

Trusted Products, Proven Expertise.



MOLDED INDUSTRIAL PACKAGING



HOSPITAL FURNITURE PARTS



AUTOMOTIVE COMPONENTS



INFRASTRUCTURAL FURNITURE PARTS

WELFARE ACTIVITIES:

- Reusable and Recyclable Products
- Rain Water Harvesting Systems
- Constant Quest To Find New Ways To Be More Efficient And Green
- 100% Virgin Material
- Employee Welfare Practices, Understanding Their Personal Matter And Hand-holding Them During Times Of Need
- Empowering Physically Challenged Women

Mitsu
You visualise...we mold
Mitsu Chem Plast Ltd.
Blow Moulding | Injection Moulding | Custom Moulding

+91 22 25920055 | sales@mitsuchem.com | www.mitsuchem.com
329, Gala Complex, Din Dayal Upadhyay Marg, Mulund (W), Mumbai - 400 080., Maharashtra, India.